


વર્ષ : ૧૪ જુન—૧૯૯૩ અંક : ૯

## પ્રેમ, લગન, નિષ્ઠા અને પુરુષાર્થ શું ન કરી શકે?

કલિ સંતરણોપનિષદમાં કહ્યું છે કે ગમે તે દશામાં પણ જપ કરવાનું ફળ મળે છે. તે જપ માટે ખાસ કોઈ વિધિની જરૂર નથી. બસ બની શકે તેટલા પ્રેમથી જપ કરો. વળી જ્યારે પણ વખત મળે ત્યારે કરો. તે જરૂર ફળદાયક થશે. એટલે સાધકે શ્રદ્ધા અને રૂચિ પ્રમાણે કામ કરતા રહેવું. જો તમને ન્યાસ વગેરે કરવાની રૂચિ હોય તો તેનો આધાર જરૂર લો, તેમાં કોઈને પણ હરકત હોઈ શકે નહિ. પણ જો ન્યાસ વગેરે વિના ચલાવી લઈને કેવળ મંત્રજપ કરવાની તમારી ઈચ્છા હોય, તો તમે તેમ કરો તેમાં કોઈને પણ હરકત હોઈ શકે? આખરે તમે કામ તો સારું કરો છો. કોઈ ખરાબ કામ તો કરતા નથી કે જેથી ડરવું કે શંકાશીલ થવું પડે. માટે ડર કે શંકાનો ત્યાગ કરો ને તમારી રૂચિ પ્રમાણે આગળ વધો. એકલવ્યની શ્રદ્ધા કેવી અનંત હતી! દ્રોણાચાર્યની પ્રતિમા પાસેથી પ્રેરણા મેળવીને તેણે ધનુર્વિદ્યામાં પારંગત બનવાનો વિચાર કર્યો. એ જમાનાના કોઈ વિશારદ માણસોની મંડળીમાં તેણે પોતાનો વિચાર રજુ કર્યો હોત તો બધા તેને હસી કાઢત. વધારામાં અનેક જાતના તર્કવિતર્ક કરીને તેને શંકાશીલ બનાવત. તેની વાત તેમને પરંપરાગત શાસ્ત્રથી જુદી જ લાગત. પણ તેનો નિશ્ચય દૃઢ હતો. પ્રેમ ને શ્રદ્ધાનો પ્રવાહ તેના અંતરમાં ઉછાળા મારી રહ્યો હતો. તેથી થોડા જ સમયમાં તેણે સફળતા મેળવી. એટલે દૃઢ નિશ્ચય, લગન, નિષ્ઠા ને પુરુષાર્થ શું ના કરી શકે?

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી-સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| ઉપરામતાની અસર | ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી) | ૧૩ |
| અનોખું જપલેખન | તંત્રી | ૧૫ |
| અઢાર માર્ચ '૯૩ નું અવલોકન | શ્રી સુશીલાબેન એમ. ભક્ત | ૧૭ |
| કેસેટ યજ્ઞ | નારાયણભાઈ હ. જાની | ૨૧ |
| તૈયાર થયેલ કેસેટોની વિગત નીચે પ્રમાણે છે | — | ૨૩ |
| પ. પૂ. માના સાન્નિધ્યમાં કેસેટ યજ્ઞમાં–૧ | શેખર એકબોટે | ૪૭ |
| પ. પૂ. માના સાન્નિધ્યમાં કેસેટ યજ્ઞમાં–૨ | મહેન્દ્ર ભક્ત | ૫૧ |
| પ. પૂ. માના સાન્નિધ્યમાં કેસેટ યજ્ઞમાં–૩ | હેમંત એકબોટે | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * સર્વપ્રકારે મંગલ કરે *

'અધ્યાત્મ' માસિકને ટકાવવામાં ઘણો મોટો ફાળો વિદેશમાં વસતા ભાવિક ભાઈ-બહેનોએ આપ્યો છે. અધ્યાત્મના જૂન, '૯૩ના પ્રકાશનનો બધો ખર્ચ અમેરિકામાં વસતાં પૂ. મા–પ્રભુનાં પ્રેમી ભાઈબહેનો-એ આપવાનું જણાવ્યું છે. તે સહુ ભાઈ-બહેનોને આવા સત્કર્મની પ્રેરણા કરનાર તો પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી છે. તેઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

વળી જેઓએ આ સત્કર્મમાં આર્થિક સહાય કરી છે, તે સહુ અભિનંદનનાં અધિકારી છે. પ્રભુ તે સર્વેનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ જુન–૧૯૯૩ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૪–૨–૮૧, શનિવાર, મહા સુદ અગિયારસ, ૨૦૨૭, સ્થળ : મોરબી.**

નિત્યનિયમ મુજબ આસનો, જપ, લેખન પૂ. શ્રી કરી લે છે. પૂ. શ્રીની વિચારસરણિ ખૂબ સ્વતંત્ર છે. પૂ. શ્રી પોતાના વિચારોને ખૂબ સ્પષ્ટ રીતે વ્યક્ત કરતાં સંકોચ અનુભવતા નથી. આપણને એમ લાગે કે પૂ. શ્રી આટલી બધી કડક સૂચના શા માટે આપતા હશે? પણ એ તદ્દન યોગ્ય હોય છે. ભલે, સાંભળનારને તે કોઈ રીતે અયોગ્ય લાગે પણ તે સત્ય હોય છે. કોઈની પણ શેહશરમમાં તણાયા સિવાય કે કોઈ જાતની અપેક્ષા રાખ્યા વિના કડક બનવું, વ્યવહારિક બનવું એ પૂ. શ્રીમાં સહજરીતે જોવા મળે છે.

**પ્રશ્ન** : બારણે ટકોરા કરવાનો પુરુષાર્થ પણ આપણે ન



કરવાનો? સર્વેશ્વરીના ભજનમાં છે એમ માત્ર આશાથી બેસી રહેવાનું?

**પૂ. શ્રી** : પુરુષાર્થ કરીએ પણ અંદરથી કોઈ બારણાં જ ન ખોલે, કોઈ જવાબ જ ન આપે તો? પુરુષાર્થનો અહં ઓગળી જાય છે ને સર્વસમર્પણભાવે પોકારો. આપણામાં એવી શક્તિ નથી એટલે પ્રાર્થના કરવાનો પુરુષાર્થ કરીએ.

'તમારાં તમે તો ઉઘાડો બારણાં'—પૂ. શ્રી પોતાની કૃતિ સંભળાવે છે. પુરુષાર્થનો પણ અહમ્ ઓગળી જાય એટલે સર્વસમર્પણ ભાવે યાદ કરી સાદ કરો.

**પ્રશ્ન** : આત્મસાક્ષાત્કારનો ટૂંકો માર્ગ કયો?

**પૂ. શ્રી** : "તેરા સાહિબ હૈ ઘટમાંહી,
બાહર નૈના ક્યું ખોલે?"

પ્રભુ આત્મારૂપે રહેલા છે. 'સ્વ'રૂપે આ મંદિરમાં. શોધવા માટે ધ્યાન, આત્મજ્ઞાન ભક્તિ ને પ્રાર્થના. બારણાં ઉઘાડીને કૃપા કરો. હે મા! દર્શન આપો. મારામાં જ્ઞાન નથી, ભક્તિ નથી, સર્વસમર્પણ કરીને કહો કે તમારી અહેતુકી કૃપાનો જ ચાતક છું, આવી પ્રાર્થના કરો.

**પ્રશ્ન** : તમારી ભયંકર માંદગીથી યમને તમે હઠાવી દીધા અને નવી શક્તિથી પ્રવચનનું કલ્યાણકાર્ય કરી રહ્યા છો. વળી સર્વેશ્વરીના ભાવપૂર્ણ ભજનો પણ અમે સાંભળી શકીએ છીએ તો એ બધામાં પરમશક્તિનો કયો હેતુ સમાયેલો છે?

**પૂ. શ્રી** : જનસંપર્ક ઓછો કરી નાખ્યો. જનસંપર્ક ઓછો કરવા પાછળ શરીરનું રક્ષણ એ જરૂરી નથી. જે શક્તિએ બચાવ્યા તેને માટે સમય વધારે ગાળું એવો સંકલ્પ કર્યો. એ શક્તિમાં

માંદગી પછી વિશ્વાસ વધ્યો. તો જીવન એ શક્તિ માટે જ સમર્પિત કરો. જગદંબાની શક્તિ જ કામ કરે છે. પૂર્વે જે શક્તિએ દર્શન આપેલાં તે જ શક્તિ આજે દોરે છે.

**પ્રશ્ન** : આત્મસાક્ષાત્કારી પુરુષો હાલ છે જે પ્રવચન પણ કરે છે?

**પૂ. શ્રી** : આત્મસાક્ષાત્કારી પ્રવચનો ન પણ કરી શકે. એવા પણ જોયા છે. દા. ત. (૧) કૃષ્ણાશ્રમ મહારાજ ગંગોત્રીમાં વાસ કરતા. ૧૦૨ વર્ષની ઉંમરે શરીર શાંત થયું. શ્રીમાલવિયાજી એમને બનારસ હિન્દુ યુનિ. ના ઉદ્‌ઘાટન પ્રસંગે લાવેલા. (૨) રમણ મહર્ષિ સિદ્ધ મહાપુરુષ. પણ પ્રવચન નહોતા કરતા. (૩) શ્રી આનંદમયી માતા–સ્થિતિ ખૂબ સારી, પણ પ્રવચન નથી કરી શકતાં. એટલે સાક્ષાત્કાર અને પ્રવચન કરી શકે તેવા હજી કોઇ જોયા નથી. અને વળી સ્વતંત્ર લેખનશક્તિ પણ સાથે હોય એવા પણ જોયા નથી.

**પ્રશ્ન** : આરાધ્ય રામકૃષ્ણ દેવ, પરોક્ષ ગુરુ વિવેકાનંદ, પરંતુ પ્રત્યક્ષ ગુરુ નથી તો શું કરવું?

**પૂ. શ્રી** : વાંધો નહીં. તમારા આ બંને–રામકૃષ્ણદેવ ને વિવેકાનંદ–પાવરફૂલ છે અને એક ભલામણ છે કે વિવેકાનંદને જેમાંથી પ્રેરણા મળી તે રામકૃષ્ણદેવને જ ગુરુ માની લો. હાથીના પગલામાં નાનાં મોટાં દરેક પગલાં સમાઇ જાય, તેમ વિવેકાનંદ જેવા હજારો પગલાં એમાં સમાઇ જાય. એથી રામકૃષ્ણદેવને ગુરુ માનો. શ્રદ્ધા વધારે હોય તો મહાપુરુષનું શરીર શાંત થાય તો પણ જે શક્તિએ એ મહાપુરુષને જન્માવ્યા તે શક્તિ જ તમને જવાબ આપશે.



(દક્ષિણેશ્વરમાં પૂ. શ્રીને જે અનુભવ થયો હતો તે પૂ. શ્રી સંભળાવે છે.)

પ્રશ્નોત્તરી અને ભોજન બાદ શ્રી જીતુભાઇ, શ્રી શાંતિભાઇ વિગેરે સાથે પૂ. શ્રી પાંચ–દશ મિનિટ બેઠા છે. શ્રી જીતુભાઇ તા. ૧૫ મીએ રાત્રે અહીંથી નીકળી વડોદરા જવાની વાતો કરે છે. પૂ. શ્રી કારણ પૂછે છે,

શ્રી જીતુભાઇ પોતાના ભાઇને ત્યાં લગ્નપ્રસંગ હોવાથી જવું જ પડે એમ કહે છે. ત્યાં તો પૂ. શ્રી લગ્ન કરનાર છોકરા–છોકરીનાં નામ પૂછે છે. (અમને સૌને આશ્ચર્ય થાય છે.) અને ત્યાં તો પૂ. શ્રી કહે છે :

લગ્નજીવન રાગે નહીં પડે. દુઃખી લગ્નજીવન થશે. પણ દુર્ગાસપ્તશતીનો પાઠ એમના સંકલ્પથી કરાવો તો એ સત્કર્મનું ફળ મળે, પરિણામે જીવનમાં થોડી શાંતિ મળે.

આ વાત સાંભળી ત્યારે સર્વેશ્વરીને આવા ઘણીવારના અનુભવોની વાતો યાદ આવી. પૂ. શ્રીને કોઇ આવા પ્રશ્નો સામાન્ય રીતે પૂછે તો પૂ. શ્રી કહે : હું કોઇ જોષી નથી. અમે સંસારી વાતો માટે નથી બેઠા. વિગેરે. જ્યારે આ પ્રસંગમાં પૂ. શ્રીએ કૃપાસિંધુ બની સામેથી જ શ્રી જીતુભાઇને પૂછીને માર્ગદર્શન આપ્યું. આ પ્રથમવાર જ પ્રસંગ એવો બન્યો જ્યારે પૂ. શ્રી થોડો રસ લઇને માર્ગદર્શન આપે છે.

મહાપુરુષો ક્યારે કોના ઉપર કેવી કૃપા કરે તે કોણ જાણી શકે? કોની પાછળ કેવા કારણોસર એ કૃપા થાય તે પણ શી રીતે સમજાય? શ્રી જીતુભાઇને એ વાતનો સંતોષ થયો. એમણે પોતે એ અંગે સત્કર્મ કરવાનું પૂ. શ્રીને કહ્યું પણ ખરું.

આરામ—લેખન—પ્રાર્થના. સાંજે પ્રવચન પહેલાં પૂ. શ્રી ફરી જીતુભાઇ સાથે દસેક મિનિટ વાતો કરે છે. દિવસના ૨૪ કલાકમાંથી ૩ કલાક તો પ્રભુમય ગાળવા એવી વાતો પ્રવચનમાં પૂ. શ્રી કરે છે.

આજે પ્રવચન પછી સર્વેશ્વરીએ 'મારા ગુરુ ગોપાલ'—ભજન ગવડાવ્યું. એક ભાઇ ખંજરી લઇને ઊભા થઇ ગયા એટલે ભજનમાં આનંદ આવ્યો.

પૂ. શ્રી ઉતારા પર આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે જાહેરમાં આ રીતે ઉભા થઇને ગાવું એ પણ સહેલી વાત નથી, કોઇક જ કરી શકે.

ઉતારા પર આવી ભોજન બાદ આરામ. હરિઃ ૐ

**તા. ૧૫—૨—૮૧, રવિવાર, મહા સુદ બારસ,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

આજે જપ, પ્રાર્થના, આસન, લેખન બાદ પૂ. શ્રી થોડી વાતો કરે છે. પંડિત રામાશ્રય નામના એક સત્પુરુષ જેની સાથે પૂ. શ્રી એક માસ રહ્યા હતા તેમની વાતો થાય છે. તેમણે ૩૫ વરસ પહેલાં પૂ. શ્રી વિષે જે વાતો કરેલી તે સાચી પડી. તેવા દિવ્યદૃષ્ટિવાળા મહાપુરુષની વાતોનો એમાં સમાવેશ થાય છે.

બરાબર સાડા અગિયાર વાગે પૂ. શ્રી મુલાકાત માટે બહાર પધારે છે. શ્રી જીતુભાઇ ને શ્રી શાંતિભાઇને ઉદ્દેશીને પૂ. શ્રી કહે છે, કેમ જડેશ્વરનાં દર્શન કરી આવ્યા? જવાબ : હા, સરસ સ્થાન છે. પૂ. શ્રી કહે : જડેશ્વરના દર્શન કરવાનું ફળ મને મળ્યું. આખું જ ફળ મને મળ્યું,



પ્રશ્નોત્તર શરૂ થાય છે.

**પ્રશ્ન** : સંત મહાત્માઓ, અવાતરી પુરુષોને પ્રગટવા માટે ઈશ્વરની આજ્ઞા માનવી પડે?

**પૂ. શ્રી** : ના. સંત અવતારીને આજ્ઞા માનવી પડે એવું નથી, પણ જો તે સંતને પૃથ્વી પર પ્રગટ્યા પછી અનુભવે સમજાય કે આપણે ધારીએ તેવું સરળ તે લોકકલ્યાણનું કાર્ય નથી. લોકોને ધર્મપરાયણ બનવું જ નથી. પછી પોતાની લોકોનો ઉદ્ધાર કરવાની મહેચ્છા છે, તે મોળી પડે છે.

**પ્રશ્ન** : ભગવાનને પ્રાર્થના કરીએ તો તે પ્રાર્થના આપણા લાભની ન હોય આપણને નુકસાન થવાનું હોય તો પણ સાંભળે ખરા!

**પૂ. શ્રી** : સાંભળે, પણ જવાબ ન આપે. કોઇવાર અનુકૂળ જવાબ આપે. જેમ માંદુ બાળક ઇચ્છે કે રબડી ખાવી છે, શીખંડ ખાવો છે. માબાપ એ બાળકની વાત સાંભળે તો ખરાં જ, પણ રબડી કે શીખંડ લાવી ન આપે. મા બાપ સમજે છે કે આ બાળક જે વસ્તુ માંગે છે તે તેના આરોગ્ય માટે નકામી છે. માટે ન આપવામાં જ કલ્યાણ છે.

પ્રાર્થના કરો તો તેનો જવાબ આપવા ભગવાન બંધાયેલા નથી. ભગવાન કંઇ આપણા નોકર નથી. ભગવાન આપણા સુહૃદ છે. પ્રિયતમ છે. તેથી તે આપણું કલ્યાણ શામાં છે, તે જુએ છે. નોકર નથી. નોકર તો શેઠની આજ્ઞા જ જુએ. આજ્ઞા અયોગ્ય હોય તો પણ નોકર તે પ્રમાણે કરે જ. કરવું જ પડે, એ દાસનો સ્વભાવ છે. લક્ષ્મણ, ભગવાનના નોકર નહીં પણ સખા હતા, જેથી રામને પણ તેઓ સૂચન કરતા. ફરીવાર સીતાને ધોબીના

કહેવાથી વનવાસ આપ્યો ત્યારે લક્ષ્મણ રામને યોગ્ય વાતો કહે છે. લક્ષ્મણ સીતાને પણ પર્ણકુટિરમાં એકલાં છોડવા અંગે સમજાવે છે. સલાહ આપે છે. સખા–સુહૃદની એ જવાબદારી છે. જે જે કહીએ તેમ તેમ કરવા એ બંધાયેલો નથી. પ્રાર્થનામાં માંગણી અયોગ્ય નહીં, પણ સારી જ કરો. પ્રાર્થનામાં પ્રભુ લાયકાત તો જુએ ને, પહેલેથી જ તમારી પ્રાર્થના પર ચોકડી મૂકી દે એવી માગણી ના કરો. તમને તે ન દેખાય. કામ, ક્રોધ અને લોભ મુક્ત ને પવિત્ર એવી પ્રાર્થના કરો.

**પ્રશ્ન** : ભગવાનની આરતી ઉતાર્યા પછી તેની આસપાસ પાણી શા માટે રેડે છે?

**પૂ. શ્રી** : તમે રેડો છો? મને તો ખબર નથી, કારણ કે હું તો એવી આરતી કરતો નથી. પણ પરમાત્મા જ્યોતિ સ્વરૂપ છે. તેની આરતી એ તેની સમર્પિત સામગ્રી છે. જેથી એ જ્યોતિને કપાળ પર લગાડીએ તો આપણામાં જે અવિદ્યાનો અંધકાર છે તે દૂર થાય. એવી ભાવનાથી લઈએ. કેટલીક ક્રિયાઓ પાછળ પરંપરા જ છે. તર્ક કે અનુભૂતિ હોતી નથી. તમે આવતીકાલથી આરતીની આસપાસ દૂધ રેડવા માંડો તો ૫, ૧૫ એ રીતે કરનારા પણ મળી રહેશે.

આરતીનાં ઓવારણા લઈને આપણે સુધરવાનો પ્રયત્ન કરતા નથી. આરતીની વિધિથી આંખ, વાણી અને મન નિર્મળ બની જાય તો એકવાર જ આરતી લેવી સાર્થક થઈ જાય.

આરતી આ =(પૂર્વગ્ છે.) ગમન એટલે જવું પણ આગમન એટલે આવવું. અને રતિ એટલે પ્રીતિ. સંસારની પ્રીતિને આ તરફ ઈશ્વર તરફ વાળે તે આરતી.



**પ્રશ્ન** : ઋણાનુબંધના ન્યાયે ગુરુ શિષ્યના ઋણાનુબંધ પૂર્ણ કરવા પ્રેરાય ખરા?

**પૂ. શ્રી** : ગુરુ પોતે મુક્ત હોવાથી ગુરુને પોતે કોઈ ઋણાનુબંધ હોતા નથી, પણ શિષ્ય ઉપર પ્રેમ હોય તો એ ન્યાયે તે ઋણ પૂરું કરવા તૈયાર થાય. પણ એ માટે ગુરુ બંધાયેલા નથી. ગુરુ કહે કે આજે આ કામ કરીશ ને કાલે પોતાની ઈચ્છા ન હોય તો ના પણ કરે. એને કોઈ બંધન નથી.

**પ્રશ્ન** : રામાયણમાં 'ઈશ્વર અંશ જીવ અવિનાશી' એ ચોપાઈ છે તે સમજાવશો?

**પૂ. શ્રી** : મારો અંશ જીવરૂપે છે. ઈશ્વરનો અંશ છે પણ તે ઈશ્વર વિના ન રહી શકે. તે જીવ અવિનાશી, અજન્મા છે.

આ ચોપાઈની વિસ્તૃત ચર્ચા થઈ. જેમાં પૂ. શ્રીએ એક જ ભવૈયો વિવિધ વેશ ધારણ કરીને નાટક કરે તેમ "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે" એ સમજાવ્યું, દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈતની વિસ્તૃત ચર્ચા કરી. પછી વળી પરમતત્ત્વને પામ્યા પછી આનંદ આનંદ થઈ જાય તેની વાત કરતાં પૂ. શ્રીએ સ્ટેશનોના નામોના સરસ અર્થ કરી બતાવ્યા.

જુઓ, પરમતત્ત્વને પામ્યા પછી આનંદ, આનંદ, આનંદ પણ (આનંદ =આણંદ) એ આવતા પહેલાં, એની હદમાં પ્રવેશતા પહેલાં દાહોદ આવે. દાહોદ એટલે દોહદ–જીવ અને શિવની બે હદ આવે. શાંતિ ને અશાંતિ સુખ અને દુઃખ. એજ હદ પૂરી થાય ત્યાં સુધી દોહદ–દોહદ પછી જ્યારે જ્યારે એ હદ પૂરી થાય ત્યારે ગોધરા. ગોધરા ગો–ઈન્દ્રિયો ને ધરા–ધારણ કરનાર. ઈન્દ્રિયોને ધારણ કરનાર. ઈન્દ્રિયોના સ્વામી બન્યા પચી આનંદ–આનંદ. (આણંદ) અને પછી વડોદરા. પછી જીવ પોતે ઈન્દ્રિયોનો સ્વામી

બની આનંદિત થઈ વડ જેવો વિશાળ, ઉદાર, ઐશ્વર્યદાતા. આખા બ્રહ્માંડને પોતાનું માનનારો વડોદરા વટ–ઉંદર જેવો બની જાય. એટલે સંસારની વિષમતાને પોતાના વટ જેવા વિશાળ ઉદરમાં સમાવી લે છે. પછી સુરતા–સુરત. સુરત "સુરતાઓ લાગી તેની ભ્રમણાઓ ભાંગી... પછી મુંબઈ પરમધામ.

આમ જીવની ગાડી દાહોદ, ગોધરા, આણંદ, વડોદરા, સુરત થઈ મુંબઈ પહોંચી જાય. સુખદુઃખની બેહદ પૂરી કરી, ઈન્દ્રિયોના સ્વામી બની, આનદ સ્વરૂપ બની, વિશાળ વડલા જેવું જીવન બનાવી, પ્રભુ સાથે સુરતા લગાવી પરમધામમાં પહોંચી જવાય છે.

આજે રવિવાર હોવાથી પ્રશ્નોત્તરી થોડી વધુ ચાલી. આનંદ આવ્યો. આજે અગિયારસ હતી જેથી દૂધ વગેરે લીધું. આરામ.

પાંચ વાગ્યે મચ્છુબંધ ઉપર જઈ આવ્યા. પ્રવચનનો આજે છેલ્લો દિવસ હતો. સર્વેશ્વરી પણ પૂ. શ્રી યોગેશ્વરજીના જીવન વિષે થોડું વક્તવ્ય આપે છે. કાર્યક્રમ પૂર્ણ થતાં ઉતારા પર આવી દૂધ વગેરે લઈ, વડોદરાવાળાને વિદાય કરી આરામ કરે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )


શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.




# ઉપરામતાની અસર

ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી)

પ. પૂ. જગદમ્બા સ્વરૂપ મા,

તમારાં ચરણોમાં લક્ષકોટિ સાષ્ટાંગ પ્રણામ.

તમારી સાથે થયેલી વાતચીત અનુસાર તમે ધીમે ધીમે ઉપરામતાની ટોચ પર પહોંચી જશો એવું લાગે છે. અધ્યાત્મ ક્ષેત્રે ઉપરામ બનેલું મન જ નિજસ્વરૂપમાં લીન બનીને દિવ્ય આનંદના મહાસાગરમાં નિમજ્જન કરવાનો સોનેરી લ્હાવો પ્રાપ્ત કરી શકે છે. તેના સિવાય બીજો કોઈ ઉત્તમ લાભ માનવયોનિ પ્રાપ્ત કર્યા પછી મળતો જણાતો નથી. પ્રારબ્ધયોગે વચગાળાના કાળે જે લોકસંગ્રહનાં કાર્યો તમારાથી થઈ રહ્યાં છે તે તે સમયે ઓછાં તો થઈ જશે, પણ જે થશે તે એકદમ સંગીન થશે કે જેને સદીઓ સુધી આ જગતે યાદ કરવાં પડશે.

સંભવ છે કે વર્ષમાં ત્રણ જ વાર જાહેરમાં દર્શન–વાર્તાલાપો આદિ થઈ શકે તેવી ઉપરામતા આવી જશે ત્યારે જ આ જગતને ભાન પણ થશે કે મહાન વિભૂતિની સાથે કેવી રીતે વર્તી શકાય! મહાન આત્મા સાથેનો સંબંધ જોડવા માત્રથી જ ઘણાના હૃદય-પરિવર્તન પણ થઈ જતાં લોકો અનુભવશે! હાલ તો તમારી ઉપસ્થિતિનો ઉત્તમ પ્રકારે લાભ લેવામાં આવતો નથી. માત્ર મારા જેવાને ઘણા સમયથી તે ત્રુટિનું ભાન થઈ ગયું છે. મેં તે અંગે લાગતા વળગતા સ્નેહી સજ્જનોને ફરિયાદ પણ કરી છે. પરંતુ સ્થૂળતાથી બહેરા થઈ ગયેલા કાનો તે સાંભળીને કાંઈ જ પરિવર્તન કરી શક્યા નથી, તે હકીકત છે.

મહાત્માજીને પણ એવી ઉપરામતા ઉદ્ભવેલી. છેલ્લે છેલ્લે બોલવું પણ તેમને ગમતું ન્હોતું. પરંતુ તેમણે એવું પણ કહેલું કે સ્થૂળ શરીર કરતાં સૂક્ષ્મ શરીરમાં વધારે ઘનિષ્ટ કાર્યો કરી શકાશે. તેથી સ્થૂળ રીતે મૌન થઇ જવાને બદલે તેમની ઉપરામતાએ તેમને સ્થૂળતન છોડી દેવાનું મુનાસિબ માન્યું હતું. આજે તેઓ સૂક્ષ્મ શરીર દ્વારા ઘણું કાર્ય કરતા હશે. ઉપરામતાની ટોચ પર પહોંચેલ મહાન વિભૂતિની એ પરમ દશાને સમજવાની અમને બુદ્ધિશક્તિ પ્રભુ પ્રદાન કરે એવી નૂતન વર્ષે પ્રાર્થના કરું છું.

ગૃહસ્થીનું મન પણ ભોગો ભોગવતાં ભોગવતાં ઉપરામ થઇ જતું હોય છે. જાણે કે ભોગ ભોગવતાં થાકી ગયું હોય તેમ. હવે પછી તે ભોગો નથી ભોગવવાના વિચારો કરતું થઇ જાય છે. ભોગને બદલે યોગ તરફ તેની ગતિ થતી રહે છે. પરંતુ તે ઉપ-રામતા તો ઘણી પ્રાથમિક અવસ્થાની ગણાય. અમે તેવી સ્થિતિમાં જરૂર છીએ. તે સ્થિતિમાં રહીને તમારું ઉત્તુંગ ઉર્ધ્વારોહણ અવલોકીને અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. એટલું જ નહીં પણ તમારો સાથ અમને ખૂબ જ પ્રેરણાદાયી થઇ પડે છે. તમે કરેલું તમારી જાતનું ઉદાત્તીકરણ વ્યવહારમાં રહીને પણ માનવ કેવી રીતે પોતાની સમુત્ક્રાંતિ કરી શકે તે માટેનું સર્વોત્તમ ઉદાહરણ બની ગયું છે. માટે મારું અંતર સૂક્ષ્મ શરીરમાં નહીં પણ સ્થૂળ શરીરમાં જ રહીને તમે ઉપરામતાની ટોચ પર આરૂઢ બનો અને જેટલું પણ લોકસંગ્રહનું કાર્ય થઇ શકે તે કરો, જેથી અમારા જેવાનું પણ કાંઇક મંગલ થઇ શકે.

સદ્ગુરુ દેવ પૂજ્ય યોગેશ્વરજીનું નામ દશેદિશાઓમાં ગૂંજતું થઇ શકે તેવી મંગલસદ્ભાવનાથી ઉભરાઇ રહ્યું છે. બીજું તો શું?

લિ. સેવક

**ઈશ્વરભાઇના જય યોગેશ્વર**



# અનોખું જપલેખન

**તંત્રી**

પ્રભુના નામનું સ્મરણ જેમ મુખથી બોલીને થઇ શકે, તેવી રીતે કેટલાકોને પ્રભુના નામના જાપ હાથેથી લખવાનું ગમતું હોય છે. નામ–જપ–લેખનના આ કાર્યક્રમથી લખનારને બે રીતે લાભ થાય છે. મનથી જાપ થાય અને હાથથી લેખન. કેવું સરસ!

આપણે સામાન્ય રીતે એવું માનતા કે સમજતા હોઇએ છીએ કે આવી પ્રવૃત્તિ ફક્ત ભારતના ભાવભક્તિવાળાં કેટલાક લોકોજ કરતા હોય છે. પરંતુ આ માન્યતા સાચી નથી.

અમેરિકામાં વસવા છતાં અને ઘણી મોટી ઉમ્મર હોવા છતાં શ્રી કરસનભાઇ રામભાઇ ભક્તે, નામજપ લેખનનું અદ્ભુત કામ કર્યું છે જે ભારતના યુવાન વયના નામજપ લખનારાઓને આશ્ચર્ય પમાડે તેવું છે. શ્રી કરસનભાઇની ઉમ્મર ૭૩ વર્ષની છે. તેઓ ગાંધીવાદી વિચારસરણિવાળા, સ્વાલંબી અને શ્રમના મહિમા-માં માનનારા, સરળ તંદુરસ્ત પુરુષ છે. પૂ. મહાત્મા ગાંધીજીની ભારતની આઝાદીની તે વખતની ચળવળોમાં તેઓએ સક્રિય ભાગ લીધેલો છે અને અનેકવાર જેલયાત્રા પણ ભોગવી છે.

તેઓએ અમેરિકામાં બેઠાં બેઠાં અધ્યાત્મ માસિક દ્વારા નામજપ લેખન વિષેની અહીંની પ્રવૃત્તિ વિષે વાંચ્યું. વાંચતાં જ તેઓએ મનમાં સંકલ્પ કરી લીધો કે "ચાલો, આપણે પણ નામ-જપ લખીએ." આ સંકલ્પની પૂર્તિ માટે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના આશીર્વાદ પણ મેળવ્યા.

પ્રથમ તેઓએ એક મોટો કાગળનો રોલ લીધો અને આ એક

જ કાગળ ઉપર ૩૦–૧૦–૯૨ થી ૮–૧૧–૯૨ દરમ્યાન ૧૦૦ કલાકના લેખન વડે ૧, ૮૯, ૨૦૧ ૐ માના જપ લખ્યા.

તે પછી પણ તેઓએ નામજપ લેખનની પ્રવૃત્તિ ચાલુ રાખી. તા. ૧–૧–૯૩ થી ૧૪–૨–૯૩ ના ૫૫ દિવસો દરમ્યાન એક જ મોટા કાગળ ઉપર ચાર લાખ! જપ લખ્યા છે. એટલું જ નહિ, પરંતુ તે જપ લેખનના કાગળો છેક અમેરિકાથી ભારત પણ મોકલ્યા છે, જેથી બીજાઓ તે પ્રત્યક્ષ જોઈ શકે.

એ જોતાં જ આપણને સાનંદ આશ્ચર્ય થઈ આવે. એજ રીતે ઇંગ્લેન્ડ અને બીજે પણ નામજપ લેખનની પ્રવૃત્તિ વિદેશોમાં પણ ભાવભક્તિવાળાં સ્ત્રીપુરુષોએ કરી છે.

રાજકોટના શ્રીસંજયભાઈ ચંદ્રકાન્તભાઈ પંડયાની આ પ્રવૃત્તિને ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડયો છે. તા. ૧૩, નવેમ્બર, ૯૨ પહેલાંથી શરૂ કરેલી આ પ્રવૃત્તિમાં અત્યારે લગભગ સાડાચાર કરોડ જેટલા જપ લખાઈ ગયા છે. આ કેવું અદ્ભુત કાર્ય કે સત્કર્મ!

શ્રી કરસનભાઈ ખરે જ એ માટે અભિનંદનના અધિકારી છે અને શ્રી સંજયભાઈ પણ.

### પૂ. શ્રીની સુરતમાં પુણ્યતિથિની ઉજવણી

૫. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની તા. ૧૮ માર્ચ, ૯૩ ના રોજની પુણ્યતિથિ નિમિત્તે સુરતમાં શ્રી અશોકભાઈ રામજીભાઈ પટેલને ત્યાં એક સરસ આખા દિવસનો કાર્યક્રમ યોજવામાં આવેલ. તેમાં ૧૨૫ કરતાં વધુ ભાઈબહેનોએ ભાગ લીધેલ. શ્રી અશોકભાઈ તરફથી સહુને ફરાળી ભોજન પણ કરાવવામાં આવેલ. — તંત્રી



કૃપાળુ ધામના દ્વારેથી

## અઢાર માર્ચ '૯૩ નું અવલોકન

શ્રી સુશીલાબેન એમ. ભક્ત, ન્યુજર્સી. અમેરિકા.

૧૮ માર્જ '૯૩ આગલી રાત્રે ૯ વાગ્યાથી જ પૂ. શ્રી વંદનીય માએ મૌન ધારણ કર્યું હતું આખો દિવસ સવારથી જ પ્રવૃત્તિશીલ હતાં. કોણ કોણ આવશે? કોને ફોન કરવાનો બાકી છે? કોને પાંચ મિનિટનુ વ્યક્તવ્ય સોંપીશું, જાહેર સત્સંગમાં પૂ. મા દર્શન દેશે કે કેમ? આવી મથામણ શ્રીમતિ કંચનબેન, ભગવાનજીભાઈ વચ્ચે ચાલ્યા કરતી હતી.

અને આખરે પૂ. મા દર્શન દેવા માટે તૈયાર થયાં. અમે બધાં જ ખુશ થઈ ગયાં. જો કે ભક્તની તીવ્રતા હોય, પુરુષાર્થ હોય તો, ભગવાન તેની પાછળ દોડે. તે રીતે પૂ. મા ના–ના તો કહેતાં રહ્યાં. પણ આખરે એમનાથી રહેવાયું નહીં. ખરે જ, એમની શારીરિક ક્ષમતા નાજુક જ થતી જાય છે. ભજનોના રેકોર્ડીંગમાં સારી રાત બેઠાં બેઠાં પસાર થતી હતી. ગરદનના એક ભાગ પર સોજો આવી ગયો, તેમાં વળી આજે એમને નિર્જળા ઉપવાસ રહ્યો હતો. અતિ પરિશ્રમને કારણે શરીરમાં તાવ હઠ કરી રહ્યો હતો.

તેમ છતાં પૂ. મા પધાર્યાં જ!!!

સત્સંગ સભા શરૂ થઈ! સભા–સંચાલનનું કામ મારે માથે લાદવામાં આવ્યું. સહર્ષ સ્વીકાર્યું. સહુ પ્રથમ પૂ. શ્રીના દસમા નિર્વાણ દિને ૧૦૮ પ્રણામ સમૂહમા ગાઈને એમનાં શ્રી ચરણોમાં શ્રદ્ધાંજલિનું પ્રથમ પુષ્પ અર્પણ કર્યું તો ત્યાં પ્રભુના ગુણગાન

ગાતી બાવનીથી પ્રભુના શ્રી ચરણકમળમાં બીજી અંજલિ અર્પિત કરી.

આ પ્રસંગે ટોરોન્ટોથી સ્થળાન્તર કરી અહીં સ્થિર થયેલા શ્રી રમેશભાઇ તલાટીએ પૂ. મહાત્માજીની કેટલીક વિશિષ્ટતાઓને બીરદાવી. ટોરોન્ટોમાં શ્રી સુરેશભાઇ શાહ થકી તેઓ પૂ. પ્રભુના પરિચયમાં આવ્યા હોવાથી, પૂ. શ્રી મા–પ્રભુને પામી શક્યા છે. તેથી તેઓએ શ્રી સુરેશભાઇ પ્રત્યેનો પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. અંતે તેઓએ ગુરુની મહત્તા દર્શાવતું પૂ. મહાત્માજી રચિત "એવી બુદ્ધિ દો અમને..." કાવ્યનુ સમૂહગાન કરાવ્યું.

તે પછીના ક્રમે અમે સહુએ શ્રી પ્રભુની અંતિમ અમૃત વાણીનું ટેપ પ્રવચન સાંભળ્યું. એમની ધીર–ગંભીર વાણીના સ્પંદનો હૃદયને હલાવી ગયાં.

મહાત્માજીના જીવનકાળ દરમિયાન પ્રભુપ્રાપ્તિ અર્થે લખાયેલા સાધનાક્ષેત્રનાં પ્રથમ તબક્કાનાં પુરુષાર્થ ભરેલાં કાવ્યો, તો પ્રભુ પ્રત્યેની કાકલુદી ભરી પ્રાર્થનાઓ. અને અંતે પ્રભુની સતત પ્રતીક્ષા કરતાં કરુણ કાવ્યોનો અખૂટ મહાસાગર.

એ કાવ્ય સંપૂટને રેકોર્ડમાં કંડારીને અમર કરવાં જોઇએ એવો સુંદર વિચાર પૂ. માને આવ્યો. એ વિચારને લોસ એન્જેલેસના પરમ ભક્ત શ્રી ભગવાનજીભાઇએ સાદર સ્વીકાર્યો. આ પણ પ્રભુના શ્રી ચરણોમાં પુષ્પાંજલિ જ અર્પણ કરવાની તમન્ના જ કહેવાય ને? અને એમનાં ભગીરથ કાર્ય પાછળ ત્રણેક માસની સતત મહેનતનો નિચોડ! પ્રાણપૂરક પરિશ્રમ એટલે સૂરીલા મધુરકંઠને ઘુંટી ઘુંટીને આવિષ્કાર આપી કલાકો સુધી ગીતોને લલકારવાં જ નહીં, પણ એમને પદ્ધતિસર કચકડાની



પટી પર કંડારવાનાં હતાં. એ કાર્ય અસામાન્ય છે. શકવર્તી છે. એ એમનુ યુગકાર્ય છે. ઝડપી સમયને ઓળખીને જનસમાજને કાન દ્વારા કંઇક આધ્યાત્મિક ભાથુ મળે, અને માનવી માનવ થઇને રહે, તે પૂ. શ્રી માનો સાધક પ્રત્યેનો કરુણાભાવ હોય કે પ્રભુ પ્રત્યેનું ઋણ હોય, જે હોય તે, સમાજને કંઇક નવતર પ્રયોગ દ્વારા જાગ્રત રાખવાનો એક નવો કીમિયો છે. નમ્ર પ્રયાસ છે. જે એને સમજશે, ઓળખશે, તે લાભ પામશે.

એવી કાવ્યસંહિતાઓનો સંપૂટ એટલે કે પચાસ કેસેટોની સ્મરણાંજલિ! જેમાંથી આજે માત્ર દસ કેસેટોને પ્રસિદ્ધ કરવાનો સુ–અવસર છે. તે ૧૮ માર્ચ '૯૩ પૂ. શ્રીનો નિર્વાણ દિન!

આજે સાધક ભાઇબહેનોનો સમૂહ સારો હતો. તેમાં એક સાત્ત્વિક વ્યક્તિ સ્વભાવે નમ્ર એવા શ્રી ગોવિન્દભાઇ ભક્તના હસ્તે દસ કેસેટોની અનાવરણ વિધિ કુમકુમ તથા અક્ષતના છાંટણાથી કરાવી. આ પ્રમાણે પૂ. માની પ્રભુ માટેની તપશ્ચર્યાનું પ્રથમ સોપાન! એટલે કે દસ કેસોટોની પ્રસિદ્ધિ. શ્રી ગોવિન્દભાઇએ ગીતોને સંગીતમય સુરાવલિમાં સ્વરબદ્ધ કર્યાં છે તે બદલ કૃપાળુધામની પરમ શાંતિને ધ્યાનમાં રાખી વાદકવૃંદ પૈકી શ્રી ભગવાનજીભાઇ ભક્ત, શ્રી હેમંત એકબોટે, શ્રી શેખર એકબોટે અને સંચાલક શ્રી પંકજ ભક્તની સેવા તથા ધીરજને બીરદાવ્યાં.

આમ અમારી સભા આગળ ચાલી. જો કે અહીં કોઇ શ્રી નારાયણકાકા, શ્રી પરમાર્થી કે કલ્યાણની કમનીય ભાષાવાળા વક્તા તો હતા નહીં. જેથી જે સમજાયું તે રીતે અમે આગળ ચાલ્યા. એટલે કે મારો ક્રમ આવ્યો.

અમારા વાર્તાલાપમાં અમે જણાવ્યું કે, પૂ. શ્રી પ્રભુ આપણી સમક્ષ મુંબઈની શાળા કે કોલેજના શિસ્તબદ્ધ વિદ્યાર્થી છે તો પછી કુતૂહલતાથી ભરેલા સાધક પણ છે. તો હિમાલયના યાત્રી તરીકે પ્રત્યક્ષ થાય છે. જ્યાં હિમાલયને માત્ર ખૂંદ્યો જ નહીં પરંતુ સાધનાકાળ દરમિયાન અનેક દેવદેવીઓનાં દર્શન સાંપડયા. એમની સાધનાકાળની પ્રભુપ્રત્યેની પ્રાર્થનાઓ, અનેક વિનવણી અને કાકલુદી કરતા અનન્ય ભક્ત પુરુષ તરીકે જોઈ શકીએ છે. તો અંતે પ્રતીક્ષાથી પૂર્ણતાને આરે પહોંચેલા પૂર્ણ પુરુષોત્તમ બન્યા. પછી તેઓ સમાજમાં આવ્યા. આપણા પૂ. શ્રી માએ તેઓને સાચા સ્વરૂપે ઓળખાવ્યા.

તેઓશ્રી મને મારા અંગત જીવનમાં એક સાચા શિક્ષક–સંત–મહાત્મા આર્ષદૃષ્ટા રૂપે મને મળ્યા. તેઓએ મને અમારા કપૂરાના નિવાસમાં દર્શન આપી કૃતકૃત્ય કરી છે. તો હમણાં દોઢેક વરસ પર મારા પતિની ભયંકર બિમારીમાં તેઓએ સૂક્ષ્મસ્વરૂપે રહી કૃપાનો અનહદ વરસાદ વરસાવ્યો. પરંતુ કૃપા ઝીલવાની પાત્રતા ન હોય તો કૃપા શી રીતે ઝીલી શકાય? અમારા પરિવાર માટે ચમત્કાર સર્જી અમને ઋણી બનાવ્યા છે. તેઓશ્રી સ્વભાવે નમ્ર, શિસ્તપાલક, સુઘડ, સમયનું ચુસ્ત પાલન કરનાર તેમ જ સત્યવચની હતા. આમ તેઓ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ તરીકે જ આજે પણ આશીર્વાદ વરસાવી રહ્યા છે.

આખરે શ્રી પ્રભુ : પૂ. માને દીર્ઘાયુષી રાખે! શરીર સ્વસ્થ રાખે! એવી પ્રાર્થનાથી વ્યક્તવ્ય પૂરું કર્યું.

અને અંતે 'વંદન કરીએ...' એ પ્રાર્થના અને શાંતિપાઠથી આજની ૧૮ મી માર્ચ ૧૯૯૩ ની શ્રદ્ધાંજલિ સભા સમાપ્ત કરી.

(અનુસંધાન પૃષ્ઠ ૪૫ ઉપર)



# કેસેટ યજ્ઞ

નારાયણભાઈ જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આ વખતે વિદેશની ધરતી ઉપર વસીને એક અદ્‌ભુત ચિરસ્મરણીય કાર્ય કર્યું તે આ કેસેટ યજ્ઞનું. કેસેટનો વળી યજ્ઞ હોઈ શકે?–હા જી, અવશ્ય હોઈ શકે, લોક-હિતને માટે કશી ભૌતિક અપેક્ષા સિવાય કરેલી કોઈ પણ પ્રવૃત્તિ એ યજ્ઞ જ લેખાય. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ ઘણું ગદ્ય લખ્યુ છે. તેમાંનું ઘણું બધું સરસ અને ગેય પણ છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સુરીલા અને ભાવવાહી કંઠે ગવાયેલી એ સર્વકૃતિઓ સ્વરદેહ પામી, નાદબ્રહ્મનો સાચા અર્થમાં અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે, તેની પ્રતીતિ એકવાર પ્રત્યક્ષ સાંભળો તો જ થાય.

આ યજ્ઞમાં જેઓએ સાથ પૂરાવ્યો છે તે સહુ જ અભિ-નંદનના અધિકારી છે. સમગ્ર યોગેશ્વર ભક્ત સમુદય તેઓના સદાના ઋણી રહેશે.

તંત્રી

## કેસેટોનું વિભાજન

આ ૫૧ કેસેટો જે તૈયાર થઈ છે તેમને પાંચ વિભાગમાં વહેંચવામાં આવી છે. વિભાજન આ પ્રમાણે છે:–

| વિભાગ | નામ | નંબર |
|---|---|---|
| ૧ | શ્રીસત્યપથ સરવાણિ | ૧ થી ૧૦ |
| ૨ | શ્રી શાંતનંદિની | ૧૧ થી ૨૦ |

| | | |
|---|---|---|
| ૩ | શ્રી સ્વર્ગારોહણસીડી | ૨૧ થી ૩૦ |
| ૪ | શ્રી સર્વેશ્વરી સુરસરિ | ૩૧ થી ૪૦ |
| ૫ | શ્રી જ્યોતિર્મયીતારિણી | ૪૧ થી ૫૧ |


* * *

કુલ એકાવન કેસેટોમાં પૂ. શ્રી યોગેશ્વરજીની કાવ્ય પ્રસાદીને સ્વરબદ્ધ કરવામાં આવી છે. દરેક કાવ્યસંગ્રહોમાંથી કાવ્યો, ભજનો, પ્રાર્થનાઓને પસંદ કરી તેમને કેસેટોમાં સ્વરબદ્ધ કર્યાં છે.

દરેક કેસેટના A સાઇડ B સાઇડમાં, ક્યાં ક્યાં પદો કયા કાવ્યસંગ્રહનાં છે અને તેના અનુક્રમ સાથેની વિગતો પણ આપવામાં આવી છે.

અધ્યાત્મમાં આ બધી વિગતો એટલા માટે સમાવી છે કે જેથી વિદેશની ધરતી ઉપર શુ કાર્ય થઇ રહ્યું છે. પ્રભુની યોજના કેવી સફળ થઇ રહી છે તેનો વાચકોને ખ્યાલ આવે.

* વિદેશની ધરતી ઉપર *

૧૮ માર્ચ ૧૯૯૩ માં શુભદિને પહેલો વિભાગ શ્રી સત્યપથ સરવાણિનો ૧ થી ૧૦ કેસેટનો પ્રથમ સેટ પ્રસિદ્ધ થઇ ગયો છે.

ભવિષ્યમાં ભારતમાં પણ એ કેસેટો ઉપલબ્ધ થશે. જેની સહુએ નોંધ લેવા વિનંતિ છે.

## * તૈયાર થયેલ કેસેટોની વિગત નીચે પ્રમાણે છે *

**કેસેટ નંબર ૧ થી ૧૦**
**શ્રી સત્યપથ સરવાણિ**

| | |
|---|---|
| ૧ | આલાપ |
| ૨ | અભીપ્સા |
| ૩ | પૂજાનાં ફૂલ |
| ૪ | પ્રેરક પ્રાર્થના |
| ૫ | આરતી |
| ૬ | સાઇ સંગીત |
| ૭ | બિન્દુ |
| ૮ | પ્રસાદ |
| ૯ | અર્ઘ્ય |
| ૧૦ | સરવાણિ |

**કેસેટ નંબર ૧૧ થી ૨૦**
**શ્રી શાંતનંદિની**

| | |
|---|---|
| ૧૧ | આલાપ |
| ૧૨ | વિવિધ ભજનો |
| ૧૩ | સાઇ સંગીત |
| ૧૪ | વિવિધ ભજનો |
| ૧૫ | તર્પણ |
| ૧૬ | દ્યુતિ |
| ૧૭ | આલાપ |
| ૧૮ | વિવિધ ભજનો |
| ૧૯ | રામચરિતમાનસ |
| ૨૦ | રામચરિતમાનસ |

**કેસેટ નંબર ૨૧ થી ૩૦**

**શ્રી સ્વર્ગારોહણ સીડી**

૨૧ અર્ઘ્ય, અંજલિ
૨૨ અર્ઘ્ય
૨૩ અર્ઘ્ય
૨૪ અર્ઘ્ય
૨૫ અંજલિ
૨૬ અંજલિ
૨૭ અંજલિ
૨૮ અર્ઘ્ય, અંજલિ
૨૯ વિવિધ ભજનો
૩૦ વિવિધ ભજનો

**કેસેટ નંબર ૩૧ થી ૪૦**

**શ્રી સર્વેશ્વરી સુરસરિ**

૩૧ થી ૩૭ શ્રી યોગેશ્વર લીલામૃત
૩૮ થી ૪૦ વિવિધ ભજનો

**કેસેટ નંબર ૪૧ થી ૫૧**

**શ્રી જ્યોતિર્મયીતારિણી**

૪૧ થી ૪૫ સરળગીતા (૧ થી ૧૮ અધ્યાય)
૪૬ શ્રી વિષ્ણુ સહસ્રનામ
૪૭ બાળગીતો અને પ્રાર્થના
૪૮ હિન્દી ભજનો
૪૯ સનાતન સંગીત
૫૦ સુમિરન
૫૧ તુલશીદળ

# * દરેક કેસેટવાર વિગત *

**શ્રીસત્યપથ સરવાણી (આલાપ)–૧**

| A (સાઈડ) | | | B (સાઈડ) | | |
|---|---|---|---|---|---|
| આલાપ : | ૬૩ | અશરણ શરણ | આલાપ : | ૫૬ | ગુરુ વિના |
| | ૨૨ | ક્યારે બતાવશો રૂપ | | ૭૫ | મન સમજી લે તો |
| | ૪૬ | ચાલોને | | ૮ | મને તો પ્રેમી પૂર્ણ બનાવો |
| | ૫૨ | મારા રોમ રોમમાં | | ૯૭ | હરિનું લેજો નામ |
| | ૧૦૭ | પ્રભુજી દુર્લભ દર્શન દો | | | ધૂન : |
| | | ધૂન : | | | |

**શ્રીસત્યપથ સરવાણી (અભીપ્સા)–૨**

| | | | | | |
|---|---|---|---|---|---|
| અભીપ્સા : | ૨૦ | નૈયા હંકારો રે | અભીપ્સા : | ૯૬ | બાહુમાં બળ દે |
| | ૨૫ | પ્રાર્થના–હૈયે હેત ભરી | | ૫૫ | પ્રેમના પૂજારી |
| | ૬૪ | મૂરખ મન–કાયાની માયાને | | ૧૬ | પંખીને |
| | | ધૂન : | પ્રસાદ : | ૫૦ | વીણા તારી |
| | | | | | પ્રાર્થના, ધૂન |

| A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|

**શ્રીસત્યપથ સરવાણી (પૂજાના ફૂલ)–૩**

| A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|
| અર્ઘ્ય : પ્રણામ | અર્ઘ્ય : સ્નેહનો સાદ, આવ મારા શ્યામ |
| ગુરુદેવ યોગેશ્વર પ્રભુ | વરદ હસ્ત પ્રભુ તમારો, |
| જય જય જય ગુરુદેવ પ્રભુ, | હું તો વંદન કરું |
| શ્લોકો | પ્રેમ પોકારો—આરતી |
| | શાંતિ પાઠ |
| | ધૂન : |

**શ્રીસત્યપથ સરવાણી (પ્રેરક પ્રાર્થના)–૪**

| A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|
| શ્રી રામપ્રભુની સ્તુતિ | શ્રી બદરીનાથ સ્તુતિ |
| શ્રીકૃષ્ણચન્દ્ર ની સ્તુતિ | શ્રી હનુમાન સ્તુતિ |
| સાઇનાથ વંદન કરું | ધૂન : |
| ધૂન : | |

| A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|

**શ્રીસત્યપથ સરવાણી (આરતી)–૫**

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| આરતી : | ૬૧ | શરણું લઇ લે | આરતી : | ૨૧ | ભરોસો |
| | ૧૬ | અંબે માત ભવાની, | | ૮ | ચેતવણી |
| | ૨૯ | પ્રભુ પર છોડી દે | | ૬ | આવો તો |
| | ૧૦ | શરણ વિના | | ૨ | જીવન |
| | | ધૂન : | | ૩૬ | પ્રાર્થના—એવી ફરી ક્ષણવાર |

**શ્રીસત્યપથ સરવાણી (સાઇ સંગીત)–૬**

| A (સાઇડ) | | | B (સાઇડ) | |
|---|---|---|---|---|
| સાઇ સંગીત : | ૧૫ | વંદન સંતન વારંવાર | ૧૨ | મારી અરજ |
| | ૨૬ | સાઇનાથ આજે તો આવો જરૂર | ૧૦૧ | એવા ગુરુને પદે |
| | ૬૪ | દિવ્ય કૃપાને ઢાળો | ૫૧ | ડુંગર દુઃખના છોને પડે |
| | ૩ | મારે તારો આધાર | ૫૮ | શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું |
| | ૮૩ | સાંભળી મારો પોકાર | ૧૦૫ | આરતી—સાઇનાથ પ્રભુ |

## શ્રીસત્યપથ સરવાણી (બિન્દુ)–૭

| | A (સાઇડ) | | B (સાઇડ) | |
|---|---|---|---|---|
| બિન્દુ : | ૧૨૭ | ગુરુને વંદન | ૧૨૯ | ઈશ્વર સ્તુતિ |
| | ૬૧ | હિંમત ન હારવાના | ૩૫ | હોડી હંકાર |
| | ૧૧૭ | ચાંદલીયો | ૫૬ | ચંદ્ર માને કેજો |
| | ૧૨૮ | પ્રાર્થના–અમે કરીએ પ્રાર્થના | ૧૧૮ | ગુલાબનું ફૂલ |
| | ૪૧ | પ્રેમળ જાગો જ્યોત્ | ૪૦ | નાના નાના બાળ |
| | ૫૫ | સૌના માટે પ્રેમ | | યોગેશ્વર બાવની |
| | | | | ધૂન : |

## શ્રીસત્યપથ સરવાણી (પ્રસાદ)–૮

| | A (સાઇડ) | | B (સાઇડ) | |
|---|---|---|---|---|
| પ્રસાદ : | ૭૨ | દર્શનની ઈચ્છા | ૨૪ | જીવતા દેવને |
| | ૯૫ | પ્રભુ પ્રેમ | ૭૦ | પ્રાર્થના–દુઃખ દર્દ દૂર કરો |
| | ૩૬ | ભાગ્ય | ૧૬ | નામનો વેપાર |
| | ૬૯ | હિંમતનું હથિયાર | | જય જય સાઈનાથ પ્રભુ |

## શ્રીસત્યપથ સરવાણી (અર્ઘ્ય)–૯

| | A (સાઇડ) | | B (સાઇડ) | |
|---|---|---|---|---|
| અર્ઘ્ય : | ૧ | પ્રણામ–કુદરતને ખોળે | ૬ | પ્રાર્થના–મારા ગુરુ ગોપાલ |
| | ૨ | ગુરુજી ! અમે તો | ૭ | જોગણ જુએ વાટડી |
| | ૩ | વરદ હસ્ત | ૮ | વ્હાલુ લાગે રે |
| | ૪ | બંધ બારણે | ૧૧ | પ્રેમ દીવાની બનાવો |
| | ૫ | યોગેશ્વર માવડી | ૯ | મને વ્હાલી લાગી રે |
| | | ધૂન : | | ધૂન : |

## શ્રીસત્યપથ સરવાણી (સરવાણી)–૧૦

| | A (સાઇડ) | | B (સાઇડ) | |
|---|---|---|---|---|
| અર્ઘ્ય : | ૨૮ | બલિહારી | ૪૨ | મારી માત |
| અંજલિ : | ૯ | ગુરુને વંદન | ૪૬ | શાંતિ મળી |
| | ૪૩ | ચિંતા નથી | ૪૮ | સંત સ્વરૂપે પ્રભુ |
| | ૨૦ | કૃપાની વાદળી | | યોગેશ્વર ભગવંતની ક્ષમાયાચના |
| | | ધૂન : | | |

## શાંતનંદિની (આલાપ)–૧૧

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| આલાપ : | ૧૧૫ | મને પાર ઉતારે જી | | ૮૧ | પતિતને પુણ્યવાન કરનાર |
| | ૮૯ | પ્રેમથી પ્રેમથી પ્રેમથી | | ૬૪ | શું માંગુ રે શુ માંગુ |
| | ૧ | તારું જીવન વેગે વહી જાય | | ૩૧ | આવો અવસર ફેર ન આવે |
| | ૨૮ | અપાર અમૃત | | ૧૪ | આજ મારે આંગણે હો |
| | ૯૪ | ભલું રે થયું રે ખૂબ જ ભલું | | ૯૮ | સ્મરને મન તું સ્મર શંકરને |
| | | | | ૪ | જેના હાથે શોભી રહી છે |
| | | | | | ધૂન : |

## શાંતનંદિની (વિવિધ ભજનો)–૧૨

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| આલાપ : | ૧૨૩ | પ્રકટો સુખકર મંગળ નામ | પ્રસાદ : | ૧૦૬ | આ જીવનના પ્રણ્ય પ્રવાસે |
| આરતી : | ૫૪ | રક્ષા કરો–(આરતી) | આલાપ : | ૧૨૫ | કેવા મારા પ્રભુ છે |
| સાઈ સંગીત : | ૫૨ | સાઇનાથ મારો હાથ | પ્રેરક પ્રાર્થના : | ૧ | શ્રી રામચન્દ્રની સ્તુતિ |
| આરતી : | ૩૭ | બે દિનના મહેમાન | તુલશી દળ | ૩૭ | ગંગા મૈયાની સ્તુતિ |
| પ્રસાદ : | ૧૧૪ | એક માંગુ છું | | | |

## શાંત નંદિની (સાઈ સંગીત)–૧૩

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| સાઈ સંગીત : | ૫૪ | તમે મારુ કરશો પાર જહાજ | | ૧૪ | તમે છો સૌના તારણહાર |
| | ૬૮ | સર્વ સમર્થ તમે છો | | ૨૯ | લેતા સાઈ કેરું નામ |
| | ૬ | કોણ છે, કોણ છે | | ૩૭ | મહા સંત મે માન્યા |
| | ૨૨ | સાચેરા સંત મને | | ૧૦૨ | સાઈનાથ તારા વિના |
| | ૫૦ | કૃપાનો થાઓ જય જયકાર | | ૩૯ | મહા પુરુષની વાણી |
| | ૧૭ | પ્રેમ છે, પ્રેમ છે, પ્રેમ છે. | | | ધૂન : |
| | | ધૂન : | | | |

## શાંત નંદિની (વિવિધ ભજનો)–૧૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| આરતી : | ૪૭ | સારથિ પદ | આલાપ : | ૧૦૩ | માગું શ્રદ્ધા એક જ દેવ |
| આલાપ : | ૨૫ | જગમાં તે જ મહા બડભાગી | આલાપ : | ૨૧ | તું કૃપા તણી વર્ષા ન કરે |
| આલાપ : | ૬૯ | મારે આંગણે આજ પધારજો | પ્રસાદ : | ૫૧ | પ્રેમીને |
| અભીપ્સા : | ૪૪ | પોકારી પોકારી | સાઈસંગીત : | ૪૯ | મારા બધા કાર્યોમાં |
| | | | પ્રેરક પ્રાર્થના : | ૧૪ | ભગવદ્ ગીતાની આરતી |

## શાંત નંદિની (તર્પણ)–૧૫

| A (સાઈડ) | | | B (સાઈડ) | | |
|---|---|---|---|---|---|
| આરતી : | ૪૭/૫૧ | માતૃદેવો ભવ | | ૩૭ | જવાનું ચોક્કસ |
| | ૪૩ | જિંદગી મળી | | | મંગલ મંદિર |
| | ૬૫ | માતાનો મહિમા | | ૨૦ | પ્રત્યક્ષ દેવ |
| | ૩૩ | જીવન મંદિર | | ૮૦ | સ્મશાનેથી ગૃહે |
| | | ધૂન : | તુલશીદળ : | | માતાજીની આરતી |
| | | | | | ધૂન : |

## શાંત નંદિની (ધૃતિ)–૧૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધૃતિ : | ૫૪ | રામ કરે તે | | ૪૨ | જોગન |
| | ૮૧ | હજુ કેમ કીધું | | ૫૫ | હરિનામ |
| | ૭૭ | શું કરીએ (હવે તો થઇ ગઇ) | | ૧૦૨ | શાંતિ થકી સહેવું |
| | ૯૯ | મુખડું–તમારું મુખડું | | ૭૬ | માન સરોવર હંસ |
| | ૨૧ | તમારે ને અમારે | | | ધૂન : |

## શાંત નંદિની (આલાપ)–૧૭

| A (સાઈડ) | | | B (સાઈડ) | | |
|---|---|---|---|---|---|
| | ૭૬ | આ જગમાં તારું | | ૮૦ | એને જોવાને તું ચાહ્ય |
| | ૯૬ | ઓ પ્રેમી આપણી પ્રીત | | ૩૭ | જે ઘર માંહી પ્રભુનું |
| | | લઈ લે શ્રી પ્રભુનું નામ | | ૫૦ | તમારા વિના કોણ છે |
| | ૪૯ | મને દર્શન તમારું આપજો | | | આરતી ૐ યોગેશ્વર ગુરુદેવ |
| પ્રેરક પ્રાર્થના : | ૧૩ | ક્ષમાપના સ્તોત્ર | | | |

## શાંત નંદિની (વિવિધ ભજનો)–૧૮

| | | | | |
|---|---|---|---|---|
| સાઈ સંગીત : | ૬૧ | આશા પૂર્ણ કરી દો | તુલશી દળ : | વંદુ પુનિત પ્રભાતે |
| ધૃતિ : | ૬૫ | પ્રેમમાં નહી રે ફસું | પ્રેમ સંગીત : | દર્શન આપો–સ્તુતિ |
| પ્રસાદ : | ૧૫ | ચાર દિવસની | | ચર્પટ પંજરિકા સ્તોત્ર |
| | | ૐ શ્રી ગુરુદેવ હરિ | | ધૂન : |
| | | ધૂન : | | |

## શાંત નંદિની (રામચરિતમાનસ)–૧૯

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|
| મંગલા ચરણ | શબરી પ્રસંગ |
| કેવટ પ્રસંગ | કેવટ પ્રસંગ (હિન્દી) |
| રુદ્રાષ્ટક | ધૂન : |
| ધૂન : | |

## શાંત નંદિની (રામચરિતમાનસ)–૨૦

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|
| બ્રહ્મા એ કરેલી સ્તુતિ–બાલકાંડ | બ્રહ્માએ કરેલી સ્તુતિ–બાલકાંડ |
| જન્મ સમયની સ્તુતિ–બાલકાંડ | વેદે કરેલી સ્તુતિ–ઉત્તરકાંડ |
| અત્રિ મુનિની સ્તુતિ–અરણ્યકાંડ | ભગવાન શંકરે કરેલી સ્તુતિ–ઉત્તરકાંડ |
| ધૂન : | સનકાદિની સ્તુતિ–ઉત્તરકાંડ |
| | ધૂન : |

## શ્રી સ્વર્ગારોહણ સીડી (અર્ઘ્ય–અંજલિ)–૨૧

| A (સાઈડ) | | | B (સાઈડ) | | |
|---|---|---|---|---|---|
| અર્ઘ્ય : | ૧૩ | ઝૂકાવ્યું જીવન | અંજલિ : | ૪૮ | સંત સ્વરૂપે |
| અર્ઘ્ય : | ૨૧ | પીયુષની પ્યાલી | અંજલિ : | ૪૨ | મારી માત |
| અર્ઘ્ય : | ૨૩ | આમંત્રણ | અર્ઘ્ય : | ૩૬ | સાહેલી મેં દીઠી |
| અર્ઘ્ય : | ૨૬ | આવોને મંદિરિયે | અર્ઘ્ય : | ૩૦ | મોહન મે દીઠો રે |
| અંજલિ : | ૧૧ | વ્યથા વિરહની | | | ધૂન : |
| | | ધૂન : | | | |

## શ્રી સ્વર્ગારોહણ સીડી (અર્ઘ્ય)–૨૨

| A (સાઈડ) | | | B (સાઈડ) | |
|---|---|---|---|---|
| અર્ઘ્ય : | ૧૨ | ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા | ૧૯ | મન મંદિરમાં આમંત્રણ |
| | ૧૪ | વંદનાં | ૨૦ | હે રસેશ્વર |
| | ૧૫ | રટું છું તારું નામ | ૨૨ | દર્શનની ઝંખના |
| | ૧૬ | એક અરજી | | આરતી |
| | ૧૭ | સથવારો | | ધૂન : |
| | | ધૂન : | | |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અર્ઘ્ય)–૨૩

| | A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|---|
| અર્ઘ્ય : | ૨૫ આવ્યો મોહન | ૩૪ રામ તમે |
| | ૨૯ સારથિ બનીને | ૩૫ મારો સ્વજન |
| | ૩૧ પ્રેમના રંગે | ૩૮ સાચો મિત્ર |
| | ૩૨ હીંચકે ઝૂલવા | ૩૯ ગોપાલને |
| | ૩૩ કાનને | ૪૦ મારા શ્રી ગુરુદેવને |
| | | ધૂન : |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અર્ઘ્ય)–૨૪

| | A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|---|
| અર્ઘ્ય : | ૪૧ જીવન નૌકા સોંપી | ૫૦ સ્નેહનો સાદ |
| | ૪૨ અરજ | ૪૪ સમર્પિત જીવન |
| | ૪૩ લેને તારે શરણે | ૪૭ ગુરુદેવ યોગેશ્વર પ્રભુ |
| | ૪૬ માગણી | ૪૯ અરજ |
| | ૪૫ વિનતી | ૪૮ વ્યથા વિરહની રે, |
| | ધૂન : | |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અંજલિ)–૨૫

| | A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|---|
| અંજલિ : | ૧ હરિ દર્શન | ૬ પ્રીત કરી |
| | ૨ સૌભાગ્ય | ૭ નિશ્ચિંતતા |
| | ૩ મળી ગયા | ૮ રક્ષા કરોને |
| | ૪ એટલું આપજે | ૧૦ સ્વજનોને |
| | ૫ સંત સહારે | ૧૨ વિનવણી |
| | ધૂન : | ૧૩ અનુનય, ધૂન : |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અંજલિ)–૨૬

| | A (સાઇડ) | B (સાઇડ) |
|---|---|---|
| અંજલિ : | ૧૪ સંતની સંગત | ૨૧ જીવન સજાવ્યું |
| | ૧૫ નામની ચૂડી | ૨૨ હરિ તમે |
| | ૧૬ શ્રેષ્ઠ ભક્તિ | ૨૩ સાધના પંથે |
| | ૧૭ વર્ષા વ્હાલની રે, | ૨૪ નંદ દુલારા |
| | ૧૮ પ્રભુ પંથે | ૨૫ કૃપા નિધિને |
| | ૧૯ શણગાર | ધૂન : |
| | ૪૯ જય જય યોગેશ્વર ગુરુદેવ | |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અંજલિ)–૨૭

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| અંજલિ : | ૨૬ | ગુરુની બંસી | | ૩૩ | વંદના |
| | ૩૦ | શ્યામને નિમંત્રણ | | ૩૫ | ઘનશ્યામ |
| | ૩૨ | કૃષ્ણ કામણગારા | | ૩૯ | કૃપા |
| | ૨૯ | રાધાના શ્યામ | | ૪૦ | કૃષ્ણને |
| | ૩૭ | ગુરુદેવને | | ૪૧ | મારી સાથ સદાયે રહેજો |
| | ૩૧ | પ્રાર્થના (તારે શરણે આજ) | | ૪૪ | સાથે રાખો |

### શ્રી સ્વર્ગારોહણ સીડી (અર્ધ્ય–અંજલિ)–૨૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રસ્તાવના : | | | | | |
| અંજલિ : | ૩૪ | ફૂલડું | અર્ધ્ય : | ૩૭ | જીવન વાટે |
| અર્ધ્ય : | ૨૪ | વિધ વિધ રૂપે | અંજલિ : | ૪૫ | કૃપાની વર્ષા |
| અંજલિ : | ૨૭ | જીવન વાટે | અંજલિ : | ૩૬ | હરિનું આગમન |
| અંજલિ : | ૪૭ | સાથ ધર્યો | અંજલિ : | ૩૮ | સંતનું શરણું |
| | | | | | ધૂન : |

### શ્રી સ્વર્ગારોહણની સીડી (વિવિધ ભજનો)–૨૯

| A (સાઇડ) | | | B (સાઇડ) | | |
|---|---|---|---|---|---|
| | | પ્રભાત દર્શન | | | નમીએ અમે |
| | | ચાંદલીયો | | | કોઇ પ્રભુને |
| | | કૃપા વર્ષા | | | પ્યાલી પીને |
| ધૂન : | | પૂ. શ્રીની કાલ વિનાશીની | | | મોજ કર તું |

### શ્રી સ્વર્ગારોહણની સીડી–૩૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | રામકૃષ્ણ વંદુ | અર્ધ્ય : | ૪ | બંધ બારણે |
| | | મારે માથે | અર્ધ્ય : | ૧૦ | શ્યામલ ગિરિધારી |
| | | જ્યાં લગી | | ૧૮ | મોહન ગિરિધારી |
| | | તારે ચેતવું | | | યોગેશ્વર ભોમિયો |
| | | શ્રી કૃષ્ણ શરણં મમ | | | |
| | | શાંતિ પાઠ | | | |

**A (સાઈડ)** **B (સાઈડ)**

## શ્રી સર્વેશ્વરી સુરસરિ–૩૧ થી ૩૭

### શ્રી યોગેશ્વર લીલામૃત ૧ થી ૧૪ અધ્યાય

### શ્રી સર્વેશ્વરી સુરસરિ (શ્રી સુશીલાબેનના કંઠે)–૩૮

| A (સાઈડ) | | | B (સાઈડ) | |
|---|---|---|---|---|
| સાઈ સંગીત : | ૫૬ | યાદ તમારા વિના | તુલશી દળ : | શ્રી સર્વેશ્વરી પ્રણામ |
| આરતી : | ૯૯ | સમર્થને | તુલશી દળ : | શ્રી સર્વેશ્વરી સ્તુતિ |
| પ્રસાદ : | ૨૧ | પ્રેમ નગરના વાસી | આલાપ : | ૐ જય જય જગત નિવાસ |
| અભીપ્સા : | ૩૩ | બીલી પત્ર | | ધૂન : |
| સાઈ સંગીત : | ૩૫ | દીન ન દેવ સકળ | | |
| સાધના : | ૮ | હિમાલય અમારો | | |
| આરતી : | ૨૭ | નમન | | |

**A (સાઈડ)** **B (સાઈડ)**

## શ્રી સર્વેશ્વરી સુરસરિ–૩૯

| A (સાઈડ) | | | B (સાઈડ) | | |
|---|---|---|---|---|---|
| આલાપ : | ૪૧ | માગે તેને મળે | આલાપ : | ૯૯ | કમલ સમા છે જેના પાય |
| આલાપ : | ૧૨ | સંતોનો સંગ સદા સુખકારી | આલાપ : | ૯૧ | મુજને સંત સમાગમ થાય |
| પ્રસાદ : | ૧૦૭ | માતાને | આલાપ : | ૪૨ | ઓ રાજ મારે |
| પ્રસાદ : | ૧૪ | વેળા વીતી જાય | આરતી : | ૧૮ | સંત |
| પ્રસાદ : | ૨૩ | પ્રેમનો મહિમા | આરતી : | ૧૦૩ | એક એક આંખમાંથી |

## શ્રી સર્વેશ્વરી સુરસરિ–૪૦

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|
| માતાપિતાને પ્રણામ | જનની શત શત વંદન |
| પેલું પંખી નાનું | હું તો વેચાણી રે |
| શ્રી હરિવર | હું તો વંદુ છું વારંવાર |
| સ્વીકારી લેજો આજ પ્રણામ | ધૂન–શરણં મમ |

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|

**સરળ ગીતા (શ્રી જ્યોતિર્મયી તારિણી)–૪૧ થી ૪૫**

**૧ થી ૧૮ અધ્યાય**

**વિષ્ણુ સહસ્રનામ–૪૬**

**૧ થી ૫૦ શ્લોક પ્રણામ**

**બાળ ગીતો (શ્રી સુશીલાબેન–બિંદુ)–૪૭**

| | A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|---|
| બિન્દુ | ૧ પરમાત્માને પ્રણામ | ૮૫ દેશને પ્રણામ |
| | ૪૫ ઉંચે ને નીચે | ૭૪ અયોધ્યામાં ભલે પ્રગટયા |
| | ૧૩ વસંત કેવી | ૧૨૦ રાધા કરે કૃષ્ણને યાદ |
| | ૧૩૫ પર્વત માળા | ૮ સૌથી પ્યારી આઝાદી |
| | ૧૦ ચાંદલીયો આવ | ૧૫ હરિનામ ને ગાવાનો |
| | ૯૭ હું છું કાન | ધૂન–શ્રી રાધે ગોવિંદા |
| | ૨૮ બંસીના સ્વર | |
| | ૧૩૯ આઝાદી અમર હો | |

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|

**હિન્દી ભજનો–૪૮**

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|
| રઘુવર તુમ કો મેરી | વૃંદાવન કુંજ ભવન |
| તેરી પલ પલ | દિલા દે ભીખ દર્શન કી |
| તુમ મેરી રાખો લાજ | કુછ લેના ન દેના |
| સુમીરન કર લે મેરે મન | હરિનામ સુમર (બ્રહ્માનંદ ભજનમાળા) |
| જય ગુરુદેવ દયાનિધિ–આરતી | મન તું વૃક્ષન સે |

**સનાતન સંગીત–૪૯**

| A (સાઈડ) | B (સાઈડ) |
|---|---|
| એવી કરી ગુરુદેવે દયા | મોજ કર તું મોજ કર તું |
| ભાઇ મારો રીસાણો | બે દિનનો જગમાં મેળો |
| જય જગદીશ્વરી માત સરસ્વતી | ચંચલ મન નિશદિન ભટકે છે |
| સુદામા દ્વારિકામાં આવીયો | યુગે યુગે પધારે પેલો પારધિ |
| જાગ મુસાફિર દેખ જરા | યોગેશ્વર ભોમિયો |

| A (સાઇડ) | B (સાઇડ) |
| --- | --- |
| **સુમીરન (હિન્દી ભજનો)–૫૦** | |
| પ્રાતઃ સમયે રઘુવીર | મન લાગો મેરો |
| ગુરુ બિન કૌન બતાવે | સંત પરમ હિતકારી |
| હરિ તુમ | મોહે લાગી |
| શિવ–આરતી | આજ મેરી બિનંતિ |
| | મુઝે દર્શન દે |
| | કાહે ન મંગલ |
| **તુલશી દળ–૫૧** | |
| શ્રી યોગેશ્વર વંદના | શ્રી સર્વેશ્વરી વંદના |
| શ્રી યોગેશ્વર સ્તુતિ | શ્રી સર્વેશ્વરી સ્તુતિ |
| આરતી | આરતી |



(પૃષ્ઠ ૨૦ નું અનુસંધાન)

## કેસેટોનો યજ્ઞ

આ પ્રસંગે એક હકીકત લખી યજમાનનુ ઋણ ચૂકવું છું. સતત છેલ્લા પાંચ મહિનાથી યજમાન શ્રી ભગવાનજીભાઇની અસીમ ભક્તિ જે અનન્ય છે. જેઓએ પોતાના ધંધાને બાજુએ રાખ્યો છે. કેસેટ પાછળનો પુષ્કળ પરિશ્રમ છે. રાત–દિવસની મથામણ ચાલે છે. અહીં રોજ રાત્રે ત્રણ વાગે સૂવાનું બને છે. કેસેટનાં લેબલ તૈયાર કરવાના છે. તો ઘડીક રેકોર્ડીંગને લેબલ કરવાનું છે. તો વળી જ્યાં મા હોય ત્યાં ફૂટપટ્ટી, કાગળ, ગુંદર, ફોટાઓ, કાતર, પેન્સીલ, આ બધાં સજીવ બનીને આસપાસ પ્રવૃત્તિશીલ બની રહેછે. પંકજનું કોમ્પ્યુટર કંઇક ને કંઇક છાપ-કામ કર્યે જ રાખે છે. આ બધાં પાછળ કૃપાળુધામની સગવડને સલામ છે!

અહીં બે ચાર મહિના પર જ ભારતથી આવેલા તબલચી હેમન્ત એકબોટેને કેમ ભૂલી શકાય? તેના તબલાની માસ્ટરી લોસ એન્જલસમાં ગુંજતી રહે. લોકો હેમંતને ઓળખે, તે રીતે શ્રી ભગવાનજીભાઇનો પ્રયત્ન છે. સંગીતની રમઝટ રેલાવનાર સાચો કસબી જો હોય તો તે હેમન્ત એકબોટે છે. શેખર એકબોટે ખંજરી વગાડીને શ્યામભાઇના વારસાને જાગ્રત રાખે છે.

મીતભાષી શ્રીમતિ કંચનબેન રસોડામાં મહેમાનોની સરભરા કરે છે. તો વળી પૂ. માની સેવામાં સાન્નિધ્યમાં હોય તો ટેલી-ફોનના ભૂંગળાની ભાગદોડને ન્યાય આપતાં રહે છે. એમના પગ-ની તકલીફને તેઓ ગણકારતાં નથી. આ એક મોટો સેવાયજ્ઞ છે. જેમાં શ્રી ભગવાનજીભાઇ, શ્રીમતિ કંચનબેન, ચિ. રીટા, અનામી,

જયા, સુરેશ કિશોર મહેન્દ્ર વગેરે કોઈક ને કોઈક સેવાની આહુતિ સદા પ્રસન્નતાથી આપતાં રહે છે.

પૂ. માને ન્યુજર્સીથી લેવા આવેલાં શ્રીમતિ સરોજબેન પટેલ પણ આ સેવાયજ્ઞમાં જોડાઈ ગયાં છે. તેઓ ફોટાઓ શોધવામાં, ચારસોએક જેટલા ગવાયેલાં ભજનોના અનુક્રમને જુદાં જુદાં પુસ્તકોમાંથી શોધીને લખવામાં, લેબલનું કટીંગ કરવામાં મશગુલ બને છે. આ બધાં કાર્યોની સરોજબેનને સારી હથોટી છે. આ ભગીરથકાર્ય જનસમાજના કલ્યાણ અર્થે શ્રી પ્રભુના ચરણોમાં સમર્પિત કરતાં પૂ. માનો જય જયકાર હો ! જય જયકાર હો ! જય જયકાર હો !

સુશીલાબેન ભક્ત


મનને સુશાંત રાખવું, તપવું નહિ લગાર;
ઉચિત હોય તે બોલવું, પૂરો કરી વિચાર. નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




### પરમ પૂજ્ય માના સાન્નિધ્યમાં

# કેસેટ યજ્ઞમાં–૧

શેખર એકબોટે, લોસ એન્જેલેસ, અમેરિકા.

પરમ પૂજ્ય માના યોગેશ્વર પરિવારને પાવન ભક્તિરસમાં સ્નાન કરાવવાની તીવ્રતમ ઈચ્છાએ અમને પૂ. માના સાન્નિધ્યમાં બેસવાનો અમૂલ્ય લાભ અપાવ્યો. ત્યારે પૂ. માને નજીકથી જોવા-ની, માણવાની અને સમજવાની તક પણ મળી. અમે ભજનો, પ્રાર્થનાઓ વગેરે રેકોર્ડ કરવાની શરૂઆત કરી, ત્યારથી પૂ. માનું ભક્તો માટેનું થતું તપ જોયા જ કરીએ છીએ, કેટલો બધો શ્રમ પૂ. મા આ કાર્ય માટે ઉઠાવે છે, એ તો પ્રત્યક્ષ જોઈએ ત્યારે જ ખ્યાલ આવે છે.

જ્યારથી કેસેટોનું રેકોર્ડીંગ શરૂ થયું છે, ત્યારથી પૂ. માએ શારીરિક શ્રમની કે નિદ્રાની તો જરાય પરવા જ કરી નથી. આખુંયે ભજન ગવાઈ ગયા પછી સાંભળવાનું, ઘણી વખત તો ફરી ફરી એકનું એક ભજન પૂ. માને અમારા બધા વગાડ-નારાઓની ભૂલોને કારણે ગાવું પડતું. તે પણ પૂ. મા હસતાં હસતાં જ કરતાં. રોજ રાતે ૧–૨ વાગ્યા સુધી પૂ. મા ભજનો ગાય. ત્યાર પછી ક્યાં ભજનો ગવાઈ ગયાં, ક્યાં બાકી છે તેનું લીસ્ટ બનાવવાનું. ઘણી વખત તો પૂ. મા સતત સવારના છ વાગ્યા સુધી કામ કરે. પછી તરત સ્નાન અને પ્રણામ કરી લે. તેમ છતાંય સાત વાગે સત્સંગ તો હોય જ. એટલે ત્યારે ફરીથી પ્રણામ કરે.

કેસેટના કવર પર કયો ફોટો, ક્યાં કઇ કેસેટમાં મૂકવો, એના માટે પૂ. માએ સેંકડો તો ફોટાઓ જોયા હશે. કેસેટો તૈયાર કરતી વખતે જગ્યા વધારે ઓછી હોય, ભજન બેસતું ના હોય, ત્યારે ૧૦ થી ૧૨ વખત ફરી ફરી જુદાં જુદાં ભજનો મૂકવાં પડે. આ બધું અને ઘણું બધું એને લગતું કાર્ય પૂ. માએ રાતદિવસ જોયાવગર કે કોઇ પણ જાતનો આરામ લીધા વગર એકધારું મહિનાઓ સુધી કર્યું છે. એના અમે બધા પ્રત્યક્ષ સાક્ષી છીએ. કેટલો બધો તાવ હોય! પૂ. માને થતો શારીરિક શ્રમ અમને બધાંને જણાતો હોય, તેમ છતાં પૂ. મા તો બસ ગાયાં જ કરે અને હસતાં હસતાં કહે કે "તાવ હોય છે ત્યારે જ સારું ગવાય છે." એકધારા રેકોર્ડીંગમાં પૂ. માને તાવ તો હંમેશાં હોય જ. અમે બધા તો ભગવાનજી કાકાને ત્યાં રોજ સરસ મિષ્ટાન્ન જમીએ, બરાબર ઉંઘ લઇએ, પછી બધું કરીએ, તોય થાકી જઇએ. પગ દુઃખે અને કંઈનું કંઇ થાય, પરંતુ પૂ. મા તો પાણી પણ લીધા વગર, આતો ભક્તો માટેનું કાર્ય છે, પ્રભુનું કાર્ય છે, એમ કહીને કામ કર્યાં જ કરે. મને તો યાદ નથી કે ક્યારેય પૂ. માએ પોતે કીધું હોય કે "ચાલો, આજે આટલું પૂરતું છે. અમે જ બધા થાકવા માંડીએ એટલે પૂ. મા અમારા માટે થઇને ગાવાનું બંધ કરે. તોય પૂ. માનું લીસ્ટ બનાવવાનું, ફોટાઓનું એવું બધું કામ તો ચાલ્યાં જ કરે. કયું લખાણ ક્યાં મૂકવું જેવી તો અનેક ઝીણી ઝીણી બાબતોમાં પૂ. માએ જાતે રસ લઇને કેસેટ્સના એકે એક અંગને જીવંત બનાવી દીધું છે. એમ કરીને પોતાના બાળકોને સર્વોત્તમ પરિપૂર્ણ કેસેટ્સ મળે એવો આગ્રહ તેઓએ રાખ્યો છે.

આ બધાં જુદાં જુદાં ક્ષેત્રોનાં કાર્યો જેવાં કે પ્રીન્ટીંગ, રેકોર્ડીંગ વગેરેને ધંધાદારી નિષ્ણાતોને આટલી બધી કેસેટ્સ



કરતાં વર્ષો લાગી જાય. પરંતુ પૂ. માએ રાતદિવસ એકધારો સતત પરિશ્રમ કરીને મહિનાઓમાં તે કામ પૂરું કર્યું છે. આ બધું જોઇએ છીએ ત્યારે પૂ. માની ભક્તો પ્રત્યેની કરુણાનો અને મહાનતાનો ખ્યાલ આવે છે.

રેકોર્ડીંગ વખતે અમે કલાકો સુધી પૂ. મા પાસે બેસતા ત્યારે પૂ. મા અમ બાળકો સાથે બાળક જેવાં બનીને સતત અમને હસાવતાં રહેતાં. સાથે સાથે જીવનમાં શ્રદ્ધા ભક્તિ વધે અને પવિત્ર થઇએ એવી પ્રેરણા પણ નાની મોટી વાતો દ્વારા આપતાં. એને લીધે જ એકધારું કલાકો સુધી વગાડવા છતાં ક્યારેય અમને કંટાળો કે થાક નથી લાગ્યો. પરંતુ જાણે કે પરમ આનંદના એક મોટા સ્રોત પાસે બેઠા હોઇએ એમ લાગ્યા કરતું.

અહીં પૂ. માને ભારતનો અને ભારતના ભક્તોનું સતત સ્મરણ રહ્યા કરે છે. જ્યારે ભારતમાં તોફાનો થતાં હતાં ત્યારે પૂ. મા પોતે તો પ્રાર્થના કરતાં જ, પણ સત્સંગમાં બધા પાસે પણ કરાવતાં.

પૂ. માને પ્રભુ યોગેશ્વરજી પ્રત્યે કેટલો બધો ભક્તિભાવ અને સમર્પણ છે એતો આપણે બધા જાણીએ જ છીએ. અમે બધાંએ એકવાર પૂ. માને કેટલું બધું કહ્યું કે "મા, એક કેસેટ પર પૂ. માનો ફોટો રાખીએ. શ્રી ભગવાનજી કાકા અને પંકજે તો બધું સરસ ગોઠવીને સેટ પણ કરી દીધું. તોય પૂ. માએ તો એમ નાજ કરવા દીધું. અને કહ્યું કે "મા હોય, ત્યાં પ્રભુ તો હોવા જ જોઇએ. પહેલેથી જ પૂ. માનો આગ્રહ કે એકલાં માનો ફોટો તો નહિ જ રાખવાનો. પૂ. માએ પોતે રચેલાં ભજનો ગાવાની શરૂઆત પણ ત્યાં સુધી નાજ કરી, જ્યાં સુધી પ્રભુએ રચેલી

કૃતિઓમાંથી ૧૦૮ ની અંજલિ એમના ચરણકમળોમાં ના અપાઈ. આટલા ઉચ્ચ સ્થાને બિરાજતાં મહાન પૂ. માનો કેવો અદ્દ્ભુત પૂજ્યભાવ!

કેસેટ સાંભળતી વખતે એક વાત તો ચોક્કસપણે પ્રતીત થતી કે આ કેસેટના અણુએ અણુમાં રહેલાં પૂ. મા પ્રકાશ પથ પર આગળ વધનાર દરેકે દરેક બાળકની સાથે સ્વરદેહે રહીને હર પળે એનું માર્ગદર્શન કરશે. જ્યારે જ્યારે હું આ કેસેટ સાંભળું છું ત્યારે મને તો એમ જ લાગે છે કે જાણે વહાલાં મા જાતે જ સ્વર સ્વરૂપે કાન દ્વારા પ્રવેશીને મારા આખાય શરીર અને આત્માને પાવન પ્રેમ અને ભક્તિરસથી ઝંકૃત કરી રહ્યાં છે.

પૂ. માને પોતાને તો કશુંય કરવાનું શેષ નથી તેમ છતાંય કેસેટના સર્વસુલભ માધ્યમદ્વારા પૂ. માએ કેટલું બધું કષ્ટ ઉઠાવીને, સમય આપીને આપણા બધા પર સતત આશિર્વાદ વરસાવતાં રહેવાનો પ્રબંધ કર્યો છે. એ જોતાં, પૂ. માના ચરણોમાં મસ્તક કોટિ કોટિવાર ઝૂંકી જાય છે અને હૃદય પૂ. માના પ્રેમથી પુલકિત થઈને નાચી ઉઠે છે. ધન્ય છે પૂ. માનો ગુરુદેવ પ્રત્યેનો ભાવ, અને ભાવિક ભક્તો પ્રત્યેનો કરુણાભાવ! કોઈક વિરલ આધ્યાત્મિક માજ પોતાના બાળકો માટે આટલો બધો અથાગ પરિશ્રમ ઉઠાવે.



### પ. પૂ. માના સાન્નિધ્યમાં

# કેસેટ યજ્ઞમાં-૨

મહેન્દ્ર ભક્ત, એલ. એ.

પ્રેમમૂર્તિ જગદંબા સ્વરૂપે પૂ. માના શ્રી ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ.

જીવનમાં સંત અને સત્સંગ સદ્દ્ભાગ્ય હોય તો જ મળે છે. સત્સંગનું તે સદ્દ્ભાગ્ય મારા જીવનમાં પૂ. માની કૃપાથી આવી મળ્યું.

મારે ન્યુઝીલેન્ડથી અમેરિકા આવવાનું નક્કી થયું તે પહેલાં પૂ. માએ મને ફોન પર જણાવ્યું હતું કે 'તારા જીવનમાં સૂર્યોદય થનાર છે. પૂ. માના એ દિવ્ય શબ્દો સાંભળી મન નાચી ઉઠયું. અપાર આનંદ છવાઈ ગયો! તા. ૧૪–૧–૯૩ ના રોજ, અમો લોસએન્જેલસ ઉતર્યા. સીધા જ પૂ. માના દર્શન માટે શ્રી ભગવાનજીભાઈના ઘરે ગયા. પૂ. માનાં દર્શન કરતાં જ ન્યુઝીલેન્ડના ૬ વર્ષના પૂ. માના દર્શન વિનાના વસવાટનો વિરહ–યાતના–દુઃખો તેજ ક્ષણે ઓગળી ગયાં. કહો કે ભૂલાઈ ગયાં. તે વર્ષો મારા જીવનનાં સ્વપ્નો સમાન બની ચૂક્યાં જાણે પૂ. માએ મારા જીવનમાં કૃપારૂપી સૂર્યોદય કર્યો.

એ વાત્સલ્યમૂર્તિ પૂ. માના શ્રી ચરણોમાં જીવને શું નથી મળતું? સર્વ કાંઈ પ્રાપ્તિ તે જીવને થાય છે, જે તેના શરણે સમર્પિત થઈ જાય છે. પૂ. માએ મને જણાવ્યું. "આવતી કાલે કપડાં લઈને આવી જા, જેથી ડાયરીમાં ભજનો લખવાનું કામ

થઇ શકે, સાંભળતાં આનંદનો કોઇ પાર ન રહ્યો. ક્યારે સાંજ થાય અને કરુણામય પૂ. માના દિવ્યદર્શનનો અમૂલ્ય લાભ મળે! તે ધન્ય ક્ષણો આવી. ગુરુદેવના શ્રીચરણે સર્વસમર્પણની મસ્તીમાં રમતાં પૂ. માના દિવ્ય સ્વરૂપને નિહાળતાં હૃદય હળવું ફૂલ જેવું થઇ ગયું! હૃદયરૂપી તે ફૂલ, જાણે એ જગદંબાના શ્રી ચરણોમાં ચઢી ચૂક્યું. સંસારના બીજા કોઇ જ વિચારોની અવરજવર નહિ. બસ શરૂ થયું અમૃતના પ્યાલાનું આચમન. જાણે જીવ અલખના માર્ગે ધીમે ધીમે પાપા પગલી ભરવા લાગ્યો."

હાલ પૂ. મા પોતે ગાઇને, પૂ. યોગેશ્વરજી રચિત ભજનો, પોતે રચેલાં ભજનો શ્રી યોગેશ્વર લીલામૃત તથા અન્ય સ્તુતિઓ, ભજનોનું ઓડિયો કેસેટોમાં રેકોર્ડીંગ કરી રહ્યાં છે. તે ભગીરથ કાર્ય પૂ. માએ જે રીતે ઉપાડયું છે—કરી રહ્યાં છે તે જોતાં પૂ. માના હૃદયમાં રહેલી ગુરુભક્તિ—ગુરુપ્રેમ જોવા મળે છે.

પૂ. મા ભજનો શરૂ કરતાં એક પછી એક ભજનો ગાયાં કરતાં. ભજનોની ગંગા વહેતી તેમાં અમો સ્નાન કરી ધન્ય થતા. રેકોર્ડીંગમાં કોઇ વાજીંત્રની રાગમાં કે એવી કોઇ અન્ય નાની ખામી હોય તો પૂ. માને પસંદ ન પડે. વળી પૂ. મા અમોને પણ પૂછતાં અને અભિપ્રાય લેતાં અને અમો કોઇ ખામી બતાવતા તો પૂ. માને સહેજે આળસ નહિ. એજ મસ્તીમાં તે ભજન કે સ્તુતિ ફરી ગાતાં ભજન પૂરું થતાં, વચ્ચે વચ્ચે પૂ. મા રમૂજ કરીને અમોને ખૂબ જ હસાવતાં. શ્રી ભગવાનજીભાઇ પાસે ભજનના રેકોર્ડીંગનો અભિપ્રાય લેવાનો હોય ત્યારે કહેતાં આપણે તો આ પૃથ્વી પરના ભગવાનને (ભગવાનજીભાઇને) તો પૂછવું જ પડે ને! જો ન પૂછીએ તો આપણને રોટલો મળે નહિ. રેકોર્ડીંગ સિવાયના સમયમાં પૂ. માએ રચેલાં ભજનો ડાયરીમાં લખવાનું



થતું. ભજનો વાંચતાં અને લખતાં ખૂબ જ આનંદ આવતો. પૂ. માએ નવાં બીજાં ૨૫૦ થી ૩૦૦ જેટલાં ભજનો અને સ્તુતિઓ લખી છે.

રેકોર્ડીંગ દરરોજ દિવસના અને રાત્રે પણ થતું. ભજનોની કુલ ૫૧ ઓડિયો કેસેટો તૈયાર કરવાનું પૂ. માનું ધ્યેય હતું, અને તે કાર્ય ઘણી જ ઝીણવટ ભરી નજરથી કરી રહ્યાં છે. પોતાના શરીરના આરામને પણ અભરાઇ પર મૂકી દઇને પૂરી ચોક્સાઇથી પૂ. મા કાર્ય કરી રહ્યાં છે. દરેક ભજનોનું યોગ્ય કેસેટોમાં વિશ્લેષણ, કેસેટોનાં સચોટ કવરો, કેસેટો માટે યોગ્ય ચિત્રપટ, પૂ. માએ કદીપણ પોતાના એકલાનું જ ચિત્રપટ રાખવાનું, વિચાર્યું નથી. પ્રથમ યોગેશ્વર પ્રભુ દરેક કેસેટોપર પ્રભુ હોવા જ જોઇએ, એવો પૂ. માનો આગ્રહ. કેસેટોના કવરોની પસંદગી પાછળ પૂ. માએ દિવસોના દિવસો અપાર પુરુષાર્થ કર્યો છે. આ કાર્ય પાછળ જે પરિશ્રમ કરતા ત્યારે ઘણા દિવસો પાણી પણ લેતાં નહિ. પ્રથમ પ્રભુનું કાર્ય પૂરું કરવું એજ ધૂન. અત્યારે જ પૂ. માના છેલ્લા ૧૦૬ માસના અન્નવગરના ઉપવાસોમાંથી ૮૦૦ મો દિવસ પાણી વગરનો હતો. ઊંઘ તે શબ્દ જ પૂ. માના જીવનની ડીક્શનેરીમાં નથી. દરરોજ લગભગ રાત્રે ૨ થી ૩ સુધી રેકોર્ડીંગ થતું. પૂ. મા એજ સ્ફૂર્તિ એજ તાજગીથી ભજનો ગાતાં. અવાજમાં જે મધુરતા, મીઠાશ શરૂઆતથી તે ભજનો બંધ થાય ત્યાં સુધી એક સરખી રહેતી. પૂ. મા કહેતાં આ ભજનો એકલાં ભજનો નથી, આ ભજનો સ્વાનુભૂતિના દિવ્યભાવથી—હૃદયથી ગવાઇ રહ્યાં છે. તેથી તેમાં મધુરતા છે. આપણે કોઇને સારું લાગે તે માટેની લૌકિક ઇચ્છાથી નથી ગાતાં, પણ આપણા પ્રભુ યોગેશ્વર માટે હું ગાઇ રહી છું. તે ગવડાવે છે તેથી હું ગાઇ રહી

છું. તેની ઈચ્છા જ આમાં કાર્ય કરી રહી છે. રાત્રે અમોને રોજ મોડું થતું હોવા છતાં અમો બીજા દિવસે સમયસર ઊઠી જતા અને વહેલી સવારની ધ્યાનની બેઠકમાં ભાગ લઈ શકતા. એવો કોઈ થાક અનુભવાતો નહિ. કોઈ શું, પૂ. મા પોતે જ શક્તિનો સંચાર કરી રહ્યાં હોય તેવું લાગતું.

પૂ. માને કેવી રીતે સમજી શકીએ? ઘણી જ અદ્‌ભુત રીતે પોતાની સહજતા બતાવી દિવ્યસ્વરૂપ છુપાવી રહ્યાં છે. પૂ. મા એટલે જ પ્રભુ યોગેશ્વર. પ્રભુ યોગેશ્વર એટલે જ પૂ. મા. પૂ. માની નસેનસમાં પ્રભુ યોગેશ્વર પ્રગટી ચૂક્યા છે. પ્રભુ યોગેશ્વરનું પ્રાગટ્ય એ રીતે પૂ. મામાં થઈ જ ચૂક્યું છે. પૂ. મા, એવા આશીર્વાદ આપો કે અમો તમને થોડા પણ સમજી શકીએ. પૂ. મા કોઈને નારાજ કરતાં નહિ કે કર્યા નથી. પૂ. મા ખુલ્લા ચેક જેવાં છે. તમારે જે લખવું હોય તે લખી શકો. દરેકને તેનામાં રહેલા રજ જેવા નાના સદ્‌ગુણને જોઈ લઈને તે ગુણને મોટો કરી બતાવી તે જીવને પ્રોત્સાહિત કરે છે, અને તે જીવને પ્રકાશના પંથે આગળને આગળ લઈ જાય છે.

પૂ. માની 'ઈચ્છાશક્તિ' અદ્‌ભુત! પૂ. મા કહે 'ઈચ્છાશક્તિ'થી બધાં જ દુઃખો દૂર થઈ જાય શારીરિક કે માનસિક. પૂ. માનું શરીર સ્વસ્થ ન હોય તો પણ ખૂબ જ ખુમારીથી ટટ્ટાર થઈને તે અસ્વસ્થતાને ગૌણ ગણીને પ્રભુનું કાર્ય વધારે ઉત્સાહથી શરૂ કરતાં. પૂ. મા કહેતાં શરીરના આપણે વળી શાના ગુલામ? યોગેશ્વર પ્રભુના ભક્તો પોચકીદાસ (પોચા મનવાળા) ન હોય. 'આરામ' શબ્દ તો પૂ. માએ રામના (યોગેશ્વર પ્રભુના) શ્રીચરણો-માં સમર્પિત કરી કહી દીધેલું "હે રામ, મારો 'આરામ' લઈ લો."



પૂ. માના આ કાર્યમાં જો કોઈ ધન્યવાદને પાત્ર હોય તો શ્રી ભગવાનજીભાઈ ભક્ત અને તેમનાં ધર્મપત્ની કંચનબેન ભક્ત.

તે દંપતી પૂ. માની જે રીતે રાતદિવસ ખડા પગે ઉભા રહીને અનન્યભાવથી અદ્‌ભુત સેવા કરી રહ્યાં છે, તે શબ્દોમાં લખી કેવી રીતે શકાય? તે સેવાયજ્ઞનો કેવળ આછો ચિતાર જ ભાષામાં વર્ણવી શકાય. પૂ. યોગેશ્વરજીએ શ્રી ભગવાનજીભાઈને 'ભાગ્ય-વાન'થી સંબોધતા, તે મને ખરેખર સાચું લાગી રહ્યું છે. એટલે જ પૂ. મા પણ તેમને 'પૃથ્વી પરના ભગવાન' કહીને બીરદાવે છે. પૂ. માના શબ્દો જમીન પર પડવા દે નહિ. પૂ. માને થતી નાની નાની અગવડો પણ ઝીણવટથી ધ્યાનમાં લઈ એ દંપતી ખૂબ જ સેવાભાવ દાખવી પ્રેમભાવથી સગવડમાં પલટાવી દેતાં. શ્રી કંચનબેનનું શરીર કાર્યમાં એટલું સારું નથી રહેતું. ત્તાં તેને ગૌણ ગણીને 'સેવાયજ્ઞ' કરી રહ્યાં છે. તેમની સેવાની નિષ્ઠાને જોતાં દેવોને પણ ઈર્ષા થયા વગર ના રહે! શ્રી ભગવાનજીભાઈ પૂ. માની અદ્‌ભુત સેવાની સાથે સાથે ધંધાની દેખરેખ, કુટુંબ, સામાજીક જવાબદારીઓ પણ એટલા જ પ્રેમથી અદા કરી 'કર્મયોગી' બન્યા છે. તે દંપતીને મારા પ્રણામ.

પૂ. માના ચારૂચરણોમાં લાખો વંદન,
કરતાં એટલું માગું જનમોજનમ હે મા,
તમારાં શ્રી ચરણોમાં આ જીવને રાખશો.

પૂ. માના સાન્નિધ્યમાં

# કેસેટ યજ્ઞમાં–૩

હેમંત એકબોટે, અમેરિકા

પ. પૂ. માની માયાળુ મમતા અને આશીર્વચનોની અલૌકિક ઉર્મિઓ અનુભવાઇ.

પ. પૂ. માના સાન્નિધ્યનો અલૌકિક આનંદ તો કોણ ગાઇ શકે? અને એ માણ્યાપછી એમાં નાહવાની મઝા તો જે અનુભવે એને જ સમજાય.

વિદેશની ધરતીપર પગ મૂકતાંની સાથે જ પૂ. માના દર્શનનો લાભ અને આનંદની અનુભૂતિ તો જે માણે તેને જ ખ્યાલ આવે. મારા સદ્ભાગ્યથી પૂ. શ્રી યોગેશ્વરજીનાં અને પૂ. માનાં ભજનોનું રેકોર્ડીંગ અને તેમાં મારા તબલાની સેવા તો કોણ કરાવી શકે? પૂ. માએ જ મને નિમિત્ત બનાવીને વિદેશની ધરતી પર આ સેવાનો લાભ આપ્યો. પૂ. મા ધારે તો લાખો તબલચીઓને ભેગા કરે, પણ પૂ. માની કૃપા એટલે આ સેવાપણ મળી.

પ. પૂ. માની સાથેના આ દિવસો દરમિયાન પૂજ્ય માએ પૂ. શ્રીયોગેશ્વરજીનાં લખેલ ભજનોનું પૂ. માના કંઠે ગાવાનું એક (૧૦૮ ભજનોનું) ભગીરથ કાર્ય કર્યું, જેમાં પૂ. માનો શ્રમ પૂ. માની કાર્યકુશળતા, કાર્યનો આનંદ, પૂ. માનો પ્રભુપ્રત્યેનો એક સમર્પિત ભાવ, એમનાં ભજનોમાં શબ્દે શબ્દે જોવા મળ્યો. તે સાથે પૂ. માની મહેનત વર્ણવવી જ શી રીતે શકાય? રોજના છ કલાક ભજનો ગાવાનાં. તે સાથે પૂ. માના નિર્જળા ઉપવાસો



સહજરીતે ચાલ્યાં કરે. ઉંઘ અને થાકને તો પૂ. માએ પોટલામાં વાળીને બાંધી દીધાં હોય તેવું લાગે. પૂજ્ય મા વગર આટલાં સરસ ભજનોની માળા તો કોણ ગૂંથી શકે? સતત એક જ આસને છ–છ કલાક બેસીને ગાવાની શક્તિ તો કોઇ શાસ્ત્રીય ગાયકમાં પણ નહીં હોય! અને એ ગાવાની મસ્તી તો કેવી રીતે વર્ણવી શકાય! એમાં પૂ. માનો મમતાળુ સ્વભાવ, રમુજોથી બધાંને કાર્યમાં ઉત્સાહિત કરવાની શક્તિ એ ખરેખર અલૌકિક અને પરમઆનંદ પમાડે તેવું હતું. ખરેખર "માંહીં પડયા તે મહા-સુખ માણે, દેખણ હારા દાઝે જોને."ની કડીઓ યાદ આવી જતી.

પ. પૂ. માના સાન્નિધ્યમાં આવેલા કોઇને પણ પૂ. મા ખાલી હાથે પાછો મોકલે હોય એવું તો બનેજ નહીં. અને એ પણ તમારી સેવાના પ્રમાણમાં ઘણું બધું હોય, એની તો કલ્પનાજ શી થાય? એવી પૂ. માની મમતાને કોણ બીરદાવી શકે?

પૂ. માના અમેરિકાના નિવાસ દરમિયાન થયેલ એક અદ્ભુત તથા અલૌકિક કાર્યમાં પૂ. યોગેશ્વરજીનાં તથા પૂ. માનાં ગવાયેલ ભજનોની પુષ્પમાળા ધારણ કરીને ખરેખર પ્રભુ પણ ખુશ થયા હશે જ, અને એમની સૂક્ષ્મ દૃષ્ટિથી આ મજાને એમણે પણ નિહાળી હશે જ ને!

અરે, પ્રભુની સાથે ગંગામૈયા પણ ખુશ થયાં હોય તેમ પૂ. માની ભજનોની ફાઇલ પર પૂ. ગંગાજીએ પ્રત્યક્ષ આવીને ગંગાજળ છાંટી, પૂ. માની ફાઇલ ભીની કરી નાંખી! પાસે બેઠેલા બધાને આ ઘટના પ્રત્યક્ષ જોવાની મળી.

પૂ. માના સતત પરિશ્રમ દ્વારા તૈયાર થયેલ આ ૫૧ કેસેટોનો સેટ, તે ઉપરાંત કેસેટનાં કવરોનું થયેલ બારીકાઇપૂર્વકનું કામ એ

પણ શ્રમ માગી લે તેવું હતું. પૂ. માનો પૂ. પ્રભુપ્રત્યેનો પ્રેમ પૂર્ણ સમર્પિતભાવ જે પૂ. માએ ભજનો દ્વારા પ્રગટ કરેલ તે ભજનોની માત્ર કેસેટ દ્વારા વણી લીધેલ છે. પૂ. માના શરીરના પ્રત્યેક અણુ-માં પૂ. પ્રભુ માટેની તાલાવેલી એ ભજનો જ સિદ્ધ કરી દે છે. પૂ. માનો પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ પૂ. માનો Video Comera સુદ્ધાં પોતાના પર નહિં રાખવાનો આગ્રહ તે શું સૂચવે છે?

અન્ય વાદકોની ભૂલને લીધે, પૂ. માને કેટલીકવાર ફરીથી ગાવાનો શ્રમ તો પડેલો, પરંતુ એ ભૂલને રમુજ બનાવીને નવીન ઉત્સાહથી ફરી ગાવાની શક્તિ પૂ. મામાં અજબની દેખાતી.

ઉપરાંત પ્રત્યેક બાળકની જરૂરિયાતનું કે મુશ્કેલીનું પછી તે આર્થિક, સંસારિક કે માનસિક હોય. અને તેનું નિરાકરણ નીવા-રણની શક્તિ ખરેખર અદ્‌ભુત ત્યારે "મા તે મા, બીજા બધા વગડાના વા"ની કહેવત યાદ કરવી જ ઘટે.

ખરેખર, પૂ. માના સાન્નિધ્યમાં બેસવાથી આજ ખરેખર, ભગવતી સ્વરૂપ મા જગદંબાનું સાક્ષાત્ દર્શન થાય. પ્રભુ યોગેશ્વરજીના કેટલા ઉપકારો કે તેઓ સાક્ષાત્ જગદંબાનું સ્વરૂપ આપણી વચ્ચે મૂકી ગયા. અને પૂ. પ્રભુના એ, શબ્દો કે "જેઓ એમને જાણશે, ઓળખશે અને જેઓ તેમની સાથે બંધાયેલા રહેશે, તેઓ ધન્ય થઇ જશે." આ શબ્દોની સત્યતા ખરેખર હવે સમજાય છે.

ખરેખર મને તો એવું લાગે કે તબલાં, મંજીરા, કરતાલ તથા પૂ. માના નિવાસસ્થાનની ભીંતો પણ પૂ. માના ભજનો ગાતાં થઇ ગયાં હશે. અરે, પેલું Recording મશીન, પણ ૐ માનો જપ કરતું અને પૂ. માનાં ભજનો ગાતું થઇ ગયું હશે.



આ મોહમયી દુનિયાની કલ્પના ધ્રુસકે ધ્રુસકે રડાવી દે પૂ. મા વગર કોણ માનો પ્રેમ આપે! કોણ આટલી મુશ્કેલીઓ હળવી કરાવી શકે! અમારા પુર્વના સદ્‌ભાગ્યે પૂ. માનું આટલું નીકટનું સાન્નિધ્ય, તેમના આશીર્વાદ અને કૃપા સિવાય મળવું મારા માટે તો અશક્ય જ લાગે. પૂ. માની તો આપણે શું સેવા કરી શકીએ? તે છતાં પૂ. મા તથા પ્રભુની કૃપાથી જે કલા મળી છે, તે કલાથી તેમના પ્રત્યેક કાર્યમાં મને નિમિત્ત બનાવીને પૂ. મા જ્યાં હોય ત્યાં મને બોલાવીને એ સેવાનો લાભ આપે, તેમ જ એક સાચો ભક્ત બનાવે, તેવી હૃદયપૂર્વકની વિનંતી પૂ. મા તથા પૂ. પ્રભુના ચરણે ધરું છું.

## સદ્‌ભાવભરી સહાય

અધ્યાત્મને માર્ચ અને એપ્રિલ, ૨૨ સુધીમાં સદ્‌-ભાવભરી સહાય પેટે કુલ રકમ અનુક્રમે રૂા. ૬૫૮ અને ૩૬૪૨ મળી છે. પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી આવી સહાયની સરવણી ચાલ્યાં જ કરે છે. પ્રભુ સૌને પ્રેરણા કરતો રહે છે. સહાય મોકલનાર સર્વનું સર્વ પ્રકારે મંગલ થાઓ એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

— તંત્રી

નોંધ : મે અને જૂન ૯૩ માં જે સહાય આવશે તે જુલાઇ, ૯૩ ના અંકમાં આપીશું.

# રામકથા

( ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'એમણે મને કહેલું કે શબરી, રામ કોઇ સામાન્ય મનુષ્ય નથી. એ તો પરમાત્મસ્વરૂપ છે, પરમાત્માના પ્રખર અલૌકિક અંશ છે. ધર્મને નીતિની મર્યાદાને સ્થાપવા તથા દુષ્ટોનું દમન કરવા માટે એ પૃથ્વી પર પ્રકટ થયા છે. જે હેતુને માટે એ પ્રકટ થયા છે તે હેતુની સિદ્ધિ એ કરશે જ. એમનું દર્શન કરશે તે ધન્ય બનશે. એમનાં ઉત્તમ કર્મો લોકોને માટે આદર્શરૂપ અને પ્રેરણા પ્રદાયક થઇ પડશે. એ તારા આશ્રમમાં આવે ત્યારે એમને પરમાત્માતુલ્ય માનીને એમનો સત્કાર અને એમની સેવા કરજે. એથી તને અમિત ઉત્કર્ષ કે લાભની પ્રાપ્તિ થશે. રામના સંબંધી આ ગૂઢ રહસ્યને તને એટલા માટે કહી બતાવ્યું કે, તું મન, વચન, કર્મથી પવિત્ર છે અને નિષ્કપટ ભાવે, વિશ્વાસપૂર્વક અમારી સેવા કરે છે. અમારો આટલો આશીર્વાદ છે કે, રામનો સંપૂર્ણ અનુગ્રહ તારા પર થઇ રહેશે. એ પ્રતાપી મહાપુરુષોના શુભાશીર્વાદને લીધે જ મને તમારું દર્શન થઇ શક્યું છે, અને મારા પર તમારો અનુગ્રહ થશે એ પણ નિર્વિવાદ છે. એમણે આપેલા આશીર્વાદને માટે એ મહાત્મા પુરુષોની હું ઋણી છું. મારા ગુરુ મતંગ મુનિની મારા પર ઘણી વધારે કૃપા હતી.'

રામે કહ્યું : 'શબરી, તારી શ્રદ્ધાભક્તિને તથા તારી અનંત ભાવનાને ધન્યવાદ ઘટે છે. એ પ્રાતઃસ્મરણીય પ્રતાપી મુનિવરોને મારા વારંવારના પ્રણામ છે. મારા ભાગ્યમાં એમના દર્શન તથા સમાગમનો યોગ નહિ હોય એટલે તો મારા આવતાં પહેલાં જ એ વિદાય થયા. છતાં પણ એમણે કરેલી તપશ્ચર્યાનો પ્રભાવ પંપા સરોવરના આ વિશુદ્ધ વાયુમંડળમાં સાફ દેખાય છે. એમને લીધે જ આ વાયુમંડળ આટલું બધું શાંત અને પ્રસન્ન બની શક્યું છે. આખું યે વન સુંદર વૃક્ષો તથા ફળફૂલથી ભરપૂર છે.'

શબરી બોલી : 'તમે મને ઠીક યાદ દેવડાવ્યું. હું તો તમને લાંબા



વખતથી ખોવાયેલી કોઇ પ્રિયમાં પ્રિય વસ્તુ મળી હોય તેમ, ભાવવિભોર બનીને જોયા કરું છું. મારી મઢૂલીમાં પરમાત્મા પોતે પધાર્યા હોય એવો આનંદ મારી આંખમાં, મારા અંગમાં, અણુએ અણુમાં અને મારા અંતરમાં વ્યાપી રહ્યો છે. તમને દેખીને બધું જ ભાન ભૂલી ગઇ છું. અને કેમ ના ભૂલું? તમારું સ્વરૂપ જ એવું સુધામય છે કે, એને જે એકવાર પણ જોઇ લે તે એનાથી મોહિત અને મુગ્ધ બને. તમારી મુખાકૃતિ જ એવી મધુમય છે કે, એનું એકવાર અવલોકન કરનારની આંખ એને છોડીને બીજે ક્યાંય ના જ વળે. તમારી વાણી એટલી બધી વિમળ અને અમૃતમય છે કે, એને સાંભળનારનો પ્રાણ એથી પુલકિત બને. તમારું સર્વ કાંઇ સુંદર તેમ જ સુધામય છે. મારું મન એથી મંત્રમુગ્ધ બનીને બીજું બધું જ ભૂલી જાય એમાં આશ્ચર્ય નથી. પરંતુ એમને ન શાંત કરીને મારે તમારા આતિથ્યનો વિચાર પણ કરવો જ જોઇએ.'

'અમારું આતિથ્ય તો થઇ ચૂક્યું છે. તારો આટલો બધો પવિત્ર ને પ્રખર પ્રેમ છે એ આતિથ્ય નહિ તો બીજું શું છે? અતિથ્યનો માટે બહારની સામગ્રીની આવશ્યકતા નથી હોતી. હૃદયના સાચા ભાવની જ જરૂર હોય છે.'

'બહારની સામગ્રી મારી પાસે છે પણ ક્યાં? મારી પાસે ધન નથી, રત્ન નથી, વૈભવ અથવા ઐશ્વર્ય નથી, ભાતભાતનાં ભોજન કે સ્વાદિષ્ટ પકવાન પણ નથી જેને તમારી સેવામાં હાજર કરી શકું. મારા જેવી અરણ્યમાં એકાંતવાસ કરનારી તપ પરાયણ સ્ત્રી પાસે આતિથ્ય કરવા લાયક બીજું હોઇ પણ શું શકે? મારી પાસે તો કેવળ સાચા હૃદયનો પ્રેમ છે એટલું જ. એ પ્રેમ પૂર્ણ છે કે નહિ તે નથી જાણતી, પરંતુ છે તો ખરો જ. એ પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઇને મેં તમારે માટે વનનાં સ્વાદિષ્ટ સુંદર ફ્લોનો સંગ્રહ કર્યો છે. તમે એમને આરોગશો એટલે મારા અંતરને આનંદ થશે. એમને તમારા શ્રીચરણે અર્પણ કરું છું.'

એમ કહીને શબરીએ રામ અને લક્ષ્મણની આગળ ફળ મૂક્યાં.

રામ અને લક્ષ્મણને પોતાને હાથે વારાફરતી ફળ આપતાં એણે કહ્યું : 'આ ફળ ઘણાં જ સુમધુર છે. એ તમને તૃપ્તિ આપશે એવી આશા રાખું છું.'

રામના અમીમય અંતરમાંથી ઉદ્‌ગાર નીકળ્યા : 'તૃપ્તિ તો અમને તારા

જેવી મહાન તપસ્વિનીના દર્શનથી તથા તારા પવિત્ર પ્રેમના આસ્વાદથી આપોઆપ મળી ગઇ. એ તૃપ્તિ આંતરિક, અનેરી, અને અસાધારણ છે. છતાં પણ તને સંતોષ આપવા માટે આ ફળ આરોગી રહ્યા છીએ.'

લક્ષ્મણે કહ્યું : 'આ ફળ કેટલાં બધાં સ્વાદિષ્ટ છે!'

'ખૂબ જ સ્વાદિષ્ટ.' રામે કહ્યું : 'આવાં સ્વાદિષ્ટ ફળ તો જીવનમાં આ પહેલી વાર જ જોઈએ છીએ. મેં તો પહેલાં ક્યાંય નથી જોયાં. આ ફળનો સ્વાદ આટલો બધો લાગે છે તેનું કારણ એ છે કે, એની પાછળ શબરીનો શુદ્ધ હૃદયનો સ્નેહ ભળી ગયો છે.'

શબરી ગદ્‌ગદ્ બની ગઈ.

રામના સુંદર સ્વરૂપને જોતાં અને એની રૂપસુધાનું પાન કરતાં એ થાકતી કે ધરાતી ન હતી.

રામના સુમધુર મુખમંડળ તરફ મંડાયેલાં એનાં લોચન ત્યાંથી જાણે કે હઠવા જ નહોતાં માગતાં.

ફળ ખાઈને રામ અને લક્ષ્મણ શાંતિપૂર્વક બેઠા, એટલે શબરી બોલી : 'મારા ગુરુનો તથા પંપા સરોવરના એકાંત આશ્રમોમાં રહેતા બીજા મહાત્મા પુરુષોનો શુભાશીર્વાદ ફળ્યો ને મને તમારાં દર્શનનો લાભ મળ્યો તે જોઈને મને આનંદ થાય છે. મારા ગુરુ ઘણા જ પ્રતાપી હતા. એ પ્રતાપને લીધે તો દેવતાઓની પૂજા કરવા માટે એમણે તૈયાર કરેલી વનનાં કમળ તથા બીજાં પુષ્પોની માળાઓ આજે પણ એવી જ તાજી છે. ઉપવાસ કરવાથી એમનું શરીર જ્યારે છેક જ અશક્ત બની ગયું, ત્યારે એમને માટે હરવાફરવાનું મુશ્કેલ બની ગયું, ત્યારે એમની ભાવનાથી સાત સમુદ્રનું પાણી અહીં પ્રકટ થયું. એ સપ્તસાગર તીર્થ આજે પણ પ્રસિદ્ધ છે.'

રામ તથા લક્ષ્મણે શબરીને બતાવેલી એના ગુરુદેવે તૈયાર કરેલી તાજી ફૂલની માળાઓ જોઈ તથા સપ્તસાગર તીર્થનું દર્શન કર્યું.

એટલામાં તો સરોવરમાં એક સાથે, પાસે પાસે ઊભાં રહીને પાણી પીતાં વાઘ અને હરણ દેખાયાં.

એમને જોઈને રામ બોલ્યા : 'લક્ષ્મણ, આ આશ્ચર્ય જોયું? વાઘ અને હરણ કોઈપણ જાતના વેરભાવ તથા ભય વિના સરોવરમાંથી સાથે પાણી પી રહ્યાં છે!'



લક્ષ્મણ બોલ્યો : 'આ અદૃષ્ટપૂર્વ દૃશ્ય જોઈને મને પણ નવાઇ લાગે છે. મહાત્મા પુરુષો પાસેથી નિર્વૈરભાવની આવી વાતો સાંભળેલી તો ખરી, પરંતુ એ વાતોને ચરિતાર્થ થતી તો અહીં જ જોઇ.'

શબરીએ કહ્યું : 'એમાં કશું આશ્ચર્યકારક નથી. મારા ગુરુદેવ તથા બીજા અહીં રહેતા ઋષિમુનિઓના વખતથી જ આવું થતું આવ્યું છે. એમની તપશ્ચર્યાનાં પવિત્ર પરમાણુ આજુબાજુના વાતાવરણમાં બધે જ ફરી વળ્યાં છે. તેને લીધે આખુંય વાતાવરણ નિર્મળ બની ગયું છે તથા હિંસક જીવો પણ અહિંસક વૃત્તિ ધારણ કરીને ફરી રહ્યા છે. આ સુંદર શાંત સ્થળની એ એક મહાન વિલક્ષણતા છે.'

રામે એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષોને મનોમન અંજલિ આપીને શબરીને સીતાહરણની વાત કહી સંભળાવી.

એ સાંભળીને શબરી ઊંડા વિચારમાં ડૂબી ગઇ ને બોલી : 'તમે તો મહાન અને લોકોત્તર શક્તિથી સંપન્ન છો, એટલે તમને શું કહું, તથા તમને સલાહ પણ શી આપું? સીતા જ્યાં હશે ત્યાં સુરક્ષિત જ હશે, તમારા સ્મરણમનનમાં મશગૂલ હશે, અને પોતાના શીલને સાચવતી હશે. એ બાબત તમે તદ્દન નચિંત રહેજો. મારી દૈવી દૃષ્ટિ અને આત્મિક શ્રદ્ધાના આધાર પર કહી શકું છું કે, સીતા તમને મળશે જ. તમારે એના વધારે વખતના વિયોગદુઃખથી નહિ પીડાવું પડે.'

થોડીવાર અટકીને એણે આગળ કહ્યું : 'સીતાને પાછી મેળવવામાં તમે સફળ થશો એ નક્કી છે. તમારા એ ઉદ્દેશની સિદ્ધિ માટે હું મારી વિશેષ શક્તિની મદદથી એક સુંદર અને અક્સીર ઉપાય બતાવી રહી છું. સીતા અત્યારે રાવણના એકાંત ઉપવનમાં અશોકવૃક્ષની નીચે બેસીને તમને યાદ કરી રહી છે, એની આંખમાં આંસુ છે. પરંતુ એનાં આંસુનો થોડા જ વખતમાં અંત આવશે. રાવણનો તમારા હાથે નાશ થશે.'

રામે પૂછ્યું : 'અમે સીતાની શોધ માટે હવે કયી દિશા તરફ પ્રયાણ કરીએ?'

હું તમને એની જ સૂચના આપી રહી છું. પંપા સરોવરથી આગળ જે દક્ષિણ દિશા તરફનો માર્ગ દેખાય છે તે માર્ગે તમે આગળ વધજો. એ દિશામાં આગળ જતાં લાંબા વખતે ઋષ્યમૂક પર્વતની સુંદર પંક્તિ દેખાશે.

ત્યાં સૂર્યના પુત્ર ધર્માત્મા સુગ્રીવ વાસ કરે છે. એમને મળશો એટલે એ તમારી સાથે મૈત્રી કરશે અને સીતાને શોધી કાઢવામાં મદદરૂપ થશે. એમને મળશો એટલે આગળનો બધો જ રસ્તો સાફ થઇ જશે.'

રામ ને લક્ષ્મણ શબરીના શબ્દો સાંભળીને આનંદ પામ્યા.

એમણે શબરીનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

શબરી બોલી : 'મારા ગુરુદેવની સૂચના પ્રમાણે તમને મળી એટલે હવે મારા જીવનનું બધું કાર્ય પૂરું થયું. આ શરીરને વધારે વખત રાખવાની ઈચ્છા મારા મનમાં હવે નથી થતી. તમારી ઉપસ્થિતિમાં જ તમારી રજા લઉં છું ને પરમાત્માના પરમ સ્વરૂપમાં મળી જાઉં છું, જેથી મારું શરીરધારણ તો સફળ થયું, પરંતુ શરીરને છોડવાનું પણ સાર્થક બને.'

એમ કહીને શબરી યોગાસનમાં બેસી ગઇ.

રામ તથા લક્ષ્મણે એને શરીરનો ત્યાગ નહીં કરવા માટે સમજાવી જોઇ, પરતુ એ નહીં માની.

એણે કહ્યું : 'ઋષિમુનિ જેમના સાક્ષાત્કાર માટે સાધના કરે છે તે પરબ્રહ્મ પરમાત્મા પોતે જ રામ રૂપમાં મારી સામે ઊભા રહ્યા છે. એમના દર્શનનો આનંદ લેતાં હું એમનામાં મળી જઇશ.'

જોતજોતામાં તો એની આંખ અચળ બની ગઇ, ને કાયાનો પરિત્યાગ કરીને એ બહાર નીકળી.

રામ ને લક્ષ્મણ એ તપસ્વિની, ભક્ત તથા મહાયોગિનીને ભક્તિભાવે, આદરપૂર્વક, પ્રણામ કરતા જોઇ રહ્યા.

એમણે એને અનુરાગયુક્ત અશ્રુની અંજલિ આપી.

( ક્રમશઃ )

## * મુક્તિ કે પૂર્ણતા ક્યારે સાંપડે? *

યોગી કે જ્ઞાનીની પેઠે ભક્ત પણ ઈશ્વરને સર્વત્ર જુએ છે એ યાદ રાખવાનું છે. આ ઉપરાંત, એ પણ સમજી લેવાનું છે કે ગીતાનો જ્ઞાની ગ્રંથકીટ કે કોરો જ્ઞાની નથી. તે જ્ઞાનના અનુભવને માટે એક પ્રયોગશાળા તરીકે ધ્યાનનો પણ સ્વીકાર કરનારો છે. ધ્યાન દ્વારા છેવટે સમાધિ મેળવી, તે પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરે છે અને એ રીતે જ્ઞાનને વ્યાવહારિક બનાવે છે. આવા જ્ઞાની કે યોગી ને ભક્તને જ પરમશાંતિ ને મુક્તિ કે પૂર્ણતા સાંપડે છે. જીવનનું લક્ષ્ય તે જ છે. તેને જ માટે પ્રત્યેક પ્રાણી ઝંખે છે ને જુદીજુદી જાતના વ્યવસાય કરે છે. આને માટે જ આ જીવન તથા સમસ્ત જગત છે. એ યાદ રાખવામાં માણસનું મંગલ છે. એ યાદ રહેશે તો જ સંસારની મહાન યાત્રામાં યોગ્ય માર્ગે ચાલી શકાશે ને ગંતવ્ય સ્થાને પહોંચાશે. ભલભલાને ભુલાવનારી ને ભમાવનારી ભવાટવીની આ ભુલભુલામણીમાંથી પણ તો જ સહીસલામત બહાર નીકળાશે ને સંસારનાં પ્રલોભન ને ભયસ્થાનોમાંથી વિમુક્ત થઇ, સંસારના બાહ્ય ચળકાટથી લેશ પણ અંજાયા વિના જીવનનો અંક સફળતાપૂર્વક ભજવી શકાશે.

યોગેશ્વરજી

## * તો ઈશ્વરદર્શનને જરાય વાર ના લાગે *

ભક્તિ વિના–પ્રેમ, શ્રદ્ધા ને લગનપૂર્વકના નિરંતર પુરુષાર્થ વિના–ગમે તેટલા અહંકારયુક્ત તપથી, નામ-માત્રના જપથી, સ્વર્ગાદિના સુખની કામના માટે કરાયેલા દાનથી કે યશસ્વી બનવા કરેલા યજ્ઞથી, બુદ્ધિના વિશાળ સાગરભંડારથી કે વાક્પટુતાથી પણ ઈશ્વરનું દર્શન થઈ શકતું નથી. સંસારમાં જેટલાં તીર્થો ને ધર્મક્ષેત્રો છે તે બધાંમાં ફરી વળો, દુનિયાની બધી જ નાનીમોટી નદીઓમાં સ્નાન કરી ચૂકો, ને બધા જ ધર્મગ્રંથોને વાંચી, વિચારી કે સાંભળી લો તેથી પણ શું? તેથી લાભ જરૂર થશે. પણ ઈશ્વરને મેળવવાનું સર્ટિફિકેટ મળશે એમ કહેવાય નહિ. ઈશ્વરને ઓળખવા માટે તો મનની મલિનતા ને વાસનાને દૂર કરી, મનને તીર્થમય બનાવી, ઈશ્વરપ્રેમ ને ઈશ્વરસ્મરણના સતત અભિષેકથી તેને પાવન કરતા રહી, ઈશ્વરને જ માટે ભૂખ્યા ને તરસ્યા બની, ઈશ્વરને જ માટે ધૂણી ધખાવીને સર્વસ્વનો ત્યાગ કરીને બેસવું ને તપવું પડશે. ભેદભાવ ને બુરાઈનું દર્શન બંધ કરી બધે ઈશ્વરી લીલા ને પ્રભા જોવી પડશે. આનું જ નામ દિવ્યચક્ષુ. આ દિવ્ય ચક્ષુ ઊઘડે તો ઈશ્વરદર્શનને જરાય વાર ન લાગે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧